સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 47

[NOV - 2020]
[14/11/20 to 21/11/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 13

16 TO 31 OCT - 2020

ICE®

Click Here To
DOWNLOAD

## CURRENT TOPICS

- 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો ધરાવતી આયુર્વેદ ક્ષેત્રની ભારતની એકમાત્ર શિક્ષણ સંસ્થા ITRAનું ગુજરાતના જામનગર ખાતે લોકાર્પણ
- 37મી આસિયાન સમિટમાં એશિયા-પેસિફિકના 15 દેશો દ્વારા મુક્ત વ્યાપાર સમજૂતી RCEP પર હસ્તાક્ષર
- લઘુગ્રહ દ્વારા નિર્મિત ભારતના એકમાત્ર સરોવર લોનાર સરોવરનો ભારતની 41મી રામસર સાઈટ તરીકે સમાવેશ
- બિહારના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ સાતમી વખત શપથ
- ભારતીય નૌસેના દ્વારા કલવરી કલાસની પાંચમી સબમરીન INS વાગીર લોન્ચ
- કેન્દ્ર સરકાર દ્વારા 2.65 લાખ કરોડના 'આત્મનિર્ભર ભારત 3.0' રાહત પેકેજની જાહેરાત

www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 14 NOVEMBER, 2020 SATURDAY

## ➤ દિવસ મહિમા : 14 નવેમ્બર,
## (1) બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન)
## (2) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)

### વિશ્વ ડાયાબિટીસ દિન

સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **14 નવેમ્બર**ના રોજ **'વિશ્વ ડાયાબિટીસ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

world diabetes day
14 November

- **ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF)** અને **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)** દ્વારા **1991**થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ડાયાબિટીસની સારવાર માટે ઉપયોગી **ઈન્સ્યુલીન**ની શોધ કરનાર **સર ફ્રેડ્રીક બેન્ટિંગ**નો જન્મદિન **14 નવેમ્બર** 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવાય છે.
- **સર ફ્રેડ્રીક બેન્ટિંગે ચાર્લ્સ બેસ્ટ** સાથે મળીને **1922**માં **ઈન્સ્યુલીન**ની શોધ કરી હતી.
- વર્ષ **2020**ના 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ **The Nurse and Diabetes (નર્સ અને ડાયાબિટીસ) છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ Women's T20 Challenge 2020માં IPL Trailblazers ચેમ્પિયન

તાજેતરમાં 4 થી 9 નવેમ્બર 2020 દરમિયાન **UAE**ના **શારજાહ** ખાતે ભારતની **ત્રીજી મહિલા ટી20 ચેલેન્જ**નું આયોજન થયું હતું.

- આ મહિલા ટી20 ક્રિકેટ ચેલેન્જમાં ત્રણ ટીમોએ ભાગ લીધો હતો :
  - (1) IPL Supernovas
  - (2) IPL Trailblazers અને
  - (3) IPL Velocity
- જેમાં આ વિમેન્સ ટી20 ચેલેન્જ 2020ની ફાઈનલ મેચમાં **IPL Supernovas**ને 16 રને પરાજય આપીને **IPL Trailblazers**એ આ ટુર્નામેન્ટ **પ્રથમ વખત** જીતી લીધી છે.
- આ ટુર્નામેન્ટની વિજેતા ટીમ IPL Trailblazersના કેપ્ટન **સુશ્રી સ્મૃતિ માંધાના** છે.

## પ્લેયર ઓફ ધ સિરિઝ

આ ટુર્નામેન્ટમાં IPL Supernovasના **સુશ્રી રાધા યાદવ** **'પ્લેયર ઓફ ધ સિરિઝ'** જાહેર થયા હતા.

- આ ટુર્નામેન્ટમાં **સૌથી વધુ 8 વિકેટ** **સુશ્રી રાધા યાદવે** જ લીધી હતી.
- જ્યારે આ ટુર્નામેન્ટમાં **સૌથી વધુ 117 રન** IPL Supernovasના **સુશ્રી ચામારી અટાપટ્ટુએ** કર્યા હતા.

**નોંધ :** (1) ભારતમાં વર્ષ 2018થી BCCI દ્વારા આ Women's T20 Challengeનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

(2) જેમાં આ અગાઉ વર્ષ 2019 અને 2018માં યોજાયેલી આ ટુર્નામેન્ટની વિજેતા ટીમ IPL Supernovas છે.

(3) વર્ષ 2020માં યોજાયેલી આ ત્રીજી ટુર્નામેન્ટના ટાઈટલ સ્પોન્સરનું નામ 'Jio' અથવા તો 'Reliance Jio Infocomm Limited' છે.

**Women's T20 Challenge વિજેતા ટીમ**

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | 2018 | IPL Supernovas | IPL Trailblazers |
| 2 | 2019 | IPL Supernovas | IPL Velocity |
| 3 | 2020 | IPL Trailbazers | IPL Supernovas |

**IPL સુપરનોવા**ના કેપ્ટન **સુશ્રી હરમનપ્રીત કૌર** છે અને **IPL વેલોસિટી**ના કેપ્ટન **સુશ્રી મિતાલી રાજ** છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતી મૂળના શ્રી કાશ પટેલની અમેરિકાના ડિફેન્સ સેક્રેટરીના સ્ટાફના વડા તરીકે નિમણૂક

અમેરિકામાં રહેતા ગુજરાતી મૂળના **શ્રી કાશ પટેલ**ની અમેરિકાના કાર્યકારી **ડિફેન્સ સેક્રેટરી શ્રી ક્રિસ મિલરે** પોતાના **સ્ટાફના વડા** તરીકે નિમણૂક કરી છે.

- આ સાથે જ ભારતીય મૂળના **શ્રી કાશ પટેલ** અમેરિકાના **ડિફેન્સ સેક્રેટરીના સ્ટાફના વડા** બની ગયા છે.
- શ્રી કાશ પટેલનું મૂળનામ **શ્રી કશ્યપ પ્રમોદ પટેલ** છે.

## ➤ ગુજરાતના સરકારી કર્મચારીઓને રૂ. 10,000 ફેસ્ટિવલ એડવાન્સ તરીકે આપવાની જાહેરાત

**12 નવેમ્બર 2020**ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના સરકારી કર્મચારીઓને દીપાવલી તથા નૂતનવર્ષના તહેવાર પ્રસંગે ફેસ્ટિવલ એડવાન્સ તરીકે વગર વ્યાજે **રૂ. 10,000** આપવાની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત ગુજરાતના **તમામ સરકારી કર્મચારીઓ તથા અધિકારીઓ**ને ફેસ્ટિવલ એડવાન્સ તરીકે વગર વ્યાજે **રૂ. 10,000** મળશે.
- ડિજિટલ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે કર્મચારીઓને આ રકમ **રૂપે કાર્ડ (RuPay Card)** સ્વરૂપે આપવામાં આવશે.
- આ માટે ગુજરાત સરકારે અંદાજે **રૂ. 500 કરોડ**ની જોગવાઈ કરી છે.
- કર્મચારીઓએ આ રકમ વગર વ્યાજે **રૂ. 1000**ના માસિક **10 હપ્તા**માં પરત કરવાની રહેશે.

**નોંધ :** (1) સરકારના આ નિર્ણયથી ગુજરાત સરકારના 5 લાખથી વધુ કર્મચારીઓને લાભ થશે.
(2) આ ઉપરાંત તહેવાર દરમિયાન કર્મચારીઓને ખરીદીમાં સુગમતા થતાં નાના વ્યાપારીઓના વ્યવસાય તથા રોજગારને વેગ મળશે. પરિણામે કોરોના મહામારીને કારણે મંદ થયેલા અર્થતંત્રને વેગ મળશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



Priyaben Bopaliya

GSCSCL
ASSISTANT DEPOT MANAGER
ICE ના વિદ્યાર્થીને
નિમણૂક પામવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન...

## ICE Questions

1. ભારતમાં 'બાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 'બાલ દિન' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી એ. પી. જે. અબ્દુલ કલામ
(C) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (D) ડૉ. રાધાકૃષ્ણન **(A)**

3. 'વિશ્વ ડાયબિટીસ દિન' અથવા તો 'વિશ્વ મધુપ્રમેહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર **(C)**

4. વર્ષ 2020ની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ શું છે ?
(A) COVID-19 and Diabetes (B) The Doctor and Diabetes
(C) The Nurse and Diabetes (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

5. વિમેન્સ ટી-20 ચેલેન્જ 2020 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) IPL Supernovas (B) IPL Trailblazers
(C) IPL Challengers (D) IPL Velocity **(B)**

6. IPL Trailblazersએ કઈ ટીમને પરાજય આપીને વર્ષ 2020ની વિમેન્સ ચેલેન્જ ટ્રોફી જીતી લીધી છે ?
(A) IPL Supernovas (B) IPL Challengers
(C) IPL Velocity (D) IPL Heros **(A)**

7. વિમેન્સ ટી-20 ચેલેન્જ 2020 વિજેતા ટીમ IPL Trailblazersના કેપ્ટનનું નામ શું છે ?
(A) સુશ્રી સ્મૃતિ માંધાના (B) સુશ્રી દિપ્તિ શર્મા
(C) સુશ્રી મિતાલી રાજ (D) સુશ્રી હરમનપ્રીત કૌર **(A)**

8. તાજેતરમાં ભારતની 'વિમેન્સ ટી-20 ચેલેન્જ 2020'નું આયોજન કયાં થયું હતું ?
(A) દુબઈ, UAE (B) અબુધાબી, UAE
(C) શારજાહ, UAE (D) મુંબઈ, ભારત **(C)**

9. તાજેતરમાં UAEના શારજાહ ખાતે ભારતની કેટલામી 'વિમેન્સ ટી-20 ચેલેન્જ 2020'નું આયોજન થયું હતું ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. અમેરિકાના ડિફેન્સ સેક્રેટરીના સ્ટાફના વડા તરીકે ગુજરાતી મૂળના કયા વ્યકિતની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પ્રમોદ પટેલ (B) શ્રી અક્ષય પટેલ

(C) શ્રી વ્યોમેશ પટેલ (D) શ્રી કાશ પટેલ **(D)**

11. દીપાવલીના તહેવાર દરમિયાન ગુજરાતના સરકારી કર્મચારીઓને ફેસ્ટિવલ એડવાન્સ તરીકે કેટલા રૂપિયા આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ?

(A) 5,000 (B) 10,000 (C) 15,000 (D) 20,000 **(B)**

12. ગુજરાતના તમામ સરકારી કર્મચારીઓને કેટલા ટકા વ્યાજે ફેસ્ટિવલ એડવાન્સ તરીકે રૂ. 10,000 આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ?

(A) 2 ટકા (B) 4 ટકા (C) 6 ટકા (D) વગર વ્યાજે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. ગુજરાત સરકારે જાહેર કરેલી સરકારી કર્મચારીઓ માટેની ફેસ્ટિવલ એડવાન્સ યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ગુજરાતના તમામ સરકારી કર્મચારીઓને RuPay Card સ્વરૂપે રૂ. 10,000 ફેસ્ટિવલ એડવાન્સ તરીકે મળશે.
2. આ રકમ 5 માસિક હપ્તામાં પરત કરવાની રહેશે.
3. આ માટે ગુજરાત સરકારે રૂ. 500 કરોડની જોગવાઈ કરી છે.

Ans.(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) ફક્ત 1 **(C)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

15 NOVEMBER, 2020 SUNDAY

## ➤ દિવસ મહિમા : નવેમ્બર મહિનાનો ત્રીજો રવિવાર, વિશ્વ અકસ્માત દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે 'The World Day of Remembrance for Road Traffic Victims'ની એટલે કે 'માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેને 'વિશ્વ અકસ્માત દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં 15 નવેમ્બરના રોજ 'વિશ્વ અકસ્માત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2020ની 'વિશ્વ અકસ્માત દિવસ'ની થીમ 'First Responders' છે.

## ➤ 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો ધરાવતી આયુર્વેદ ક્ષેત્રની ભારતની એકમાત્ર શિક્ષણ સંસ્થા ITRAનું ગુજરાતના જામનગર ખાતે લોકાર્પણ

13 નવેમ્બર 2020ને 'ધન્વંતરી જયંતી' અથવા તો પાંચમા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા 'ITRA'નું લોકાર્પણ કરાવ્યું છે.

- ITRAનું પૂરું નામ 'Institute of Teaching and Research in Ayurveda' છે.
- ગુજરાતના જામનગર ખાતે આ સંસ્થાનો શુભારંભ થયો છે.
- 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ' (ITRA)એ 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો ધરાવતી આયુર્વેદ ક્ષેત્રની ભારતની એકમાત્ર શિક્ષણ સંસ્થા છે.
- ગુજરાતના જામનગર ખાતે આવેલી ત્રણ આયુર્વેદ સંસ્થાઓને મર્જ કરીને આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- આ ત્રણ સંસ્થાઓમાં –

  (1) Institute for Post Graduate Teaching and Research in Ayurveda

  (2) Shree Gulabkunverba Ayurveda Mahavidyalaya અને

  (3) Institute of Ayurvedic Pharmaceutical Sciences

  નો સમાવેશ થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ગુજરાતના <u>જામનગર</u> ખાતે આવેલી <u>આયુર્વેદ યુનિવર્સિટીના</u> <u>કેમ્પસ</u>માં ઉપરોક્ત ત્રણ સંસ્થાઓને મર્જ કરીને નવી <u>'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ' (ITRA)</u> નામની આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- જેમાં ઉપરોક્ત ત્રણ આયુર્વેદ સંસ્થાઓ ઉપરાંત <u>જામનગર</u> ખાતે આવેલી અન્ય એક આયુર્વેદ સંસ્થા – **'Maharshi Patanjali Instityute for Yoga Naturopathy Education & Research'**

નો પણ <u>ITRA</u>ના <u>સ્વસ્થવૃત્ત વિભાગ</u>ના એક <u>ભાગ</u> તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. અને આ નવી સંસ્થા ITRAને <u>'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' (Institute of National Importance)</u> તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ભારતમાં ITRAની સ્થાપના ભારતની સંસદમાં પસાર થયેલા <u>'The Institute of Teaching and Research in Ayurveda Act, 2020'</u> અંતર્ગત કરવામાં આવી છે.

(2) આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>રાજસ્થાન</u>ના <u>જયપુર</u> ખાતે નવ રચિત <u>'National Institute of Ayurveda' (NIA)</u>નું પણ ઉદ્દઘાટન કર્યું હતું.

## ➤ 'Global Centre on Traditional Medicine'ની સ્થાપના માટે WHO દ્વારા ભારતની પસંદગી

વિશ્વની પ્રસિદ્ધ આરોગ્ય સંસ્થા <u>World Health Organisation (WHO)</u> દ્વારા <u>'Global Centre on Traditional Medicine'</u>ની સ્થાપના માટે <u>ભારત</u>ની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત WHO ભારતમાં 'ગ્લોબલ સેન્ટર ઓન ટ્રેડિશનલ મેડિસીન'ની સ્થાપના કરશે.
- 13 નવેમ્બર 2020ના રોજ ગુજરાતના જામનગર ખાતે નવી રચાયેલી ITRAના લોકાર્પણ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ જાહેરાત કરી હતી.
- અને WHO દ્વારા 'ગ્લોબલ સેન્ટર ઓન ટ્રેડિશનલ મેડિસીન'ની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાંથી ભારતની પસંદગી કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ WHOના મહાનિર્દેશક શ્રી ટેડરોસ અધનમ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## WHO



**WHOનું પૂરું નામ World Health Organisation છે.**

- **WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.**
- **7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.**
- **તેનું વડું મથક સ્વિટ્ઝર્લેન્ડના જીનેવા ખાતે આવેલું છે.**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. 'વિશ્વ અકસ્માત દિવસ' અથવા તો 'માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 15 નવેમ્બર (B) નવેમ્બર માસનો બીજો રવિવાર
   (C) 17 નવેમ્બર (D) નવેમ્બર માસનો ત્રીજો રવિવાર **(D)**

2. વર્ષ 2020માં 'વિશ્વ અકસ્માત દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 13 ઓગસ્ટ (B) 14 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 16 ડિસેમ્બર **(C)**

3. વર્ષ 2020ના 'વિશ્વ અકસ્માત દિવસ'ની થીમ શું છે ?
   (A) First Responders (B) Life is not a Car Part
   (C) Life is a family Part (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ ITRAનું પૂરું નામ શું છે ?
   (A) Institute of Teaching and Research in Ayurveda
   (B) Institute on Teaching and Research in Ayurveda
   (C) Institute for Teaching and Research in Ayurveda
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા'નો દરજ્જો ધરાવતી આયુર્વેદ ક્ષેત્રની ભારતની એકમાત્ર શિક્ષણ સંસ્થાનું નામ શું છે ?
   (A) નેશનલ આયુર્વેદ યુનિવર્સિટી (NAU)
   (B) નેશનલ આયુર્વેદ એન્ડ નેચરોપથી યુનિવર્સિટી (NANU)
   (C) ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA)
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

6. ભારતમાં કઈ જગ્યાએ સ્થપાયેલી આયુર્વેદ ક્ષેત્રની અગ્રણી શિક્ષણ સંસ્થા ITRAનું તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) મુંબઈ (B) ગાંધીનગર (C) વારાણસી (D) જામનગર **(D)**

7. ભારતમાં સ્થપાયેલી આયુર્વેદ ક્ષેત્રની અગ્રણી શિક્ષણ સંસ્થા ITRA ભારતના કયા રાજ્યમાં આવેલી છે ?
   (A) ગુજરાત (B) કર્ણાટક (C) મહારાષ્ટ્ર (D) ગોવા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8.** ભારતમાં સ્થપાયેલી આયુર્વેદ ક્ષેત્રની અગ્રણી શિક્ષણ સંસ્થા ITRA ભારતના કયા શહેરમાં આવેલી છે ?

(A) બેંગાલુરુ (B) પૂણે (C) જામનગર (D) અમદાવાદ **(C)**

**9.** ગુજરાતના જામનગર ખાતે નવી રચાયેલી 'ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ' (ITRA)નું કોણે ઈ–લોકાર્પણ કરાવ્યું છે ?

(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી આચાર્ય દેવવ્રત

(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી રામનાથ કોવિંદ **(C)**

**10.** ગુજરાતના જામનગર ખાતે આવેલી આયુર્વેદ યુનિવર્સિટી અંતર્ગતની ત્રણ આયુર્વેદ સંસ્થાઓને મર્જ કરીને ITRAની રચના કરવામાં આવી છે....આ ત્રણ આયુર્વેદ સંસ્થાઓમાં નીચેનામાંથી કઈ સંસ્થાનો સમાવેશ થતો નથી ?

(A) ઈન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ

(B) ઈન્સ્ટિટયૂટ ઓફ ડિપ્લોમા ઈન આયુર્વેદ

(C) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય

(D) ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ્સ સાયન્સિઝ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** WHO દ્વારા 'ગ્લોબલ સેન્ટર ઓન ટ્રેડિશનલ મેડિસીન'ની સ્થાપના માટે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ?

(A) ચીન (B) અમેરિકા (C) ભારત (D) ફ્રાન્સ **(C)**

**12.** કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા 'ગ્લોબલ સેન્ટર ઓન ટ્રેડિશનલ મેડિસીન'ની સ્થાપના માટે ભારતની પસંદગી કરવામાં આવી છે ?

(A) UNICEF (B) UNESCO (C) WHO (D) World Bank **(C)**

## 16 NOVEMBER, 2020 MONDAY

### ➢ દિવસ મહિમા : 16 નવેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ (National Press Day)
### (2) આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Day for Tolerance)

### ➢ 37th ASEAN Summit 2020




તાજેતરમાં 12 થી 15 નવેમ્બર 2020 દરમિયાન આસિયાન દેશોની 37મી સમિટનું આયોજન થયું હતું.

- COVID-19 મહામારીને કારણે આ સમિટનું ઓનલાઈન (વર્ચ્યુઅલ) આયોજન થયું હતું.
- જોકે, આ સમિટનો યજમાન દેશ વિયેતનામ હતો.
- આથી, આ સમિટની ઓપનિંગ અને ક્લોઝિંગ સેરેમની વિયેતનામના હેનોઇ ખાતે યોજાઈ હતી.

### ASEAN

ASEANનું પૂરું નામ Association of Southeast Asian Nations છે.

- આશિયાન એ દક્ષિણ-પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17મું ભારત-આસિયાન શિખર સંમેલન

તાજેતરમાં 12 નવેમ્બર 2020ના રોજ 17મા ભારત-આસિયાન શિખર સંમેલનનું વર્ચ્યુઅલ આયોજન થયું હતું.

- આ સમિટને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સની મદદથી સંબોધન કર્યું હતું.
- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ COVID-19 ASEAN Response Fundમાં 1 મિલિયન ડોલર આપવાની જાહેરાત કરી હતી.

## ➤ 37મી આસિયાન સમિટમાં એશિયા-પેસિફિકના 15 દેશો દ્વારા મુક્ત વ્યાપાર સમજૂતી RCEP પર હસ્તાક્ષર

તાજેતરમાં 12 થી 15 નવેમ્બર 2020 દરમિયાન વિયેતનામના યજમાન પદ હેઠળ 37મી આસિયાન સમિટનું વર્ચ્યુઅલ આયોજન થયું હતું.

- આ સમિટમાં 15 નવેમ્બર 2020ના રોજ એશિયા પેસિફિકના 15 દેશો દ્વારા વિશ્વની સૌથી મોટી મુક્ત વ્યાપાર સમજૂતી RCEP પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RCEP શું છે ?

RCEPનું પૂરું નામ 'Regional Comprehensive Economic Partnership' (પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી) છે.

- RCEP એ એક Free Trade Agreement એટલે કે મુક્ત વ્યાપાર સમજૂતી છે.
- આસિયાનના 10 દેશો (બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ) ઉપરાંત ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ એમ કુલ 15 દેશોએ 15 નવેમ્બર 2020ના રોજ આ સમજૂતીના ડ્રાફ્ટ પર હસ્તાક્ષર કર્યા છે.
- આ સમજૂતીનો ડ્રાફ્ટ 15 નવેમ્બર 2020ના રોજ મંજૂર કરવામાં આવ્યો છે.
- વિશ્વની કુલ વસતીનો 30 ટકા હિસ્સો ધરાવતા અને વૈશ્વિક GDPનો 30 ટકા હિસ્સો ધરાવતા 15 દેશો દ્વારા આ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- એશિયાની ભારત સિવાયની ત્રણ મોટી અર્થવ્યવસ્થા ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા વચ્ચે થયેલી આ પ્રથમ Free Trade સમજૂતી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આ સમજૂતીમાં જોડાવાનો ભારતનો ઈનકાર

આ અગાઉ 4 નવેમ્બર 2019ના રોજ <u>થાઈલેન્ડ</u>ના <u>બેંગકોક</u> ખાતે <u>ત્રીજી</u> <u>RCEP બેઠકનું</u> આયોજન થયું હતું.

- જેમાં ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ આ સમજૂતીમાં જોડાવાનો <u>ઈનકાર</u> કર્યો હતો.
- આ સમજૂતીમાં <u>16મા દેશ</u> તરીકે જોડાવા માટે આ અગાઉ <u>ચીને</u> ભારતને આમંત્રણ આપ્યું હતું.
- જોકે, ભારતે આ સમજૂતીમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો.
- આ સમજૂતી અંતર્ગત સભ્ય દેશોને <u>આયાત અને નિકાસમાં સરળતા તથા ટેક્સમાં મોટા પ્રમાણમાં રાહત</u> મળે છે.
- આથી આ સમજૂતી અંતર્ગત ટેક્સમાં રાહત મળવાથી મોટા પ્રમાણમાં વિદેશી સસ્તો માલ ભારતમાં આવવાને કારણે ભારતીય ઉદ્યોગો પર તેની માઠી અસર થવાની સંભાવના હતી.
- જેને પરિણામે ભારતે તેમાં જોડાવાનો ઈનકાર કર્યો છે.

**નોંધ :** <u>ભારત</u> ઉપરાંત વિશ્વની મોટી અર્થવ્યવસ્થા <u>અમેરિકા</u>એ પણ આ સમજૂતીમાં ભાગ લીધો નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

3. તાજેતરમાં આસિયાનની 37મી સમિટની ઓપનિંગ અને ક્લોઝિંગ સેરેમનીનું આયોજન કયાં થયું હતું ?
(A) બેંગકોક (B) હેનોઈ (C) સિંગાપોર (D) જકાર્તા **(B)**

4. નવેમ્બર 2020 દરમિયાન યોજાયેલા 17મા ભારત–આસિયાન શિખર સંમેલનનો યજમાન દેશ કયો હતો ?
(A) બ્રુનેઈ (B) ઈન્ડોનેશિયા (C) લાઓસ (D) વિયેતનામ **(D)**

5. નવેમ્બર 2020 દરમિયાન યોજાયેલા કેટલામા ભારત–આસિયાન શિખર સંમેલનને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું ?
(A) 15મા (B) 16મા (C) 17મા (D) 18મા **(C)**

6. 17મા ભારત–આસિયાન શિખર સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ COVID-19 ASEAN Response Fundમાં ભારત તરફથી કેટલી સહાય આપવાની જાહેરાત કરી છે ?
(A) 1 મિલિયન ડોલર (B) 2 મિલિયન ડોલર
(C) 3 મિલિયન ડોલર (D) 5 મિલિયન ડોલર **(A)**

7. આસિયાન દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) ઈન્ડોનેશિયા (B) મ્યાનમાર (C) ચીન (D) મલેશિયા **(C)**

8. તાજેતરમાં એશિયા–પેસિફિકના કેટલા દેશોએ RCEP સમજૂતીના ડ્રાફ્ટ પર હસ્તાક્ષર કર્યા છે ?
(A) 10 (B) 13 (C) 15 (D) 18 **(C)**

9. તાજેતરમાં યોજાયેલી કેટલામી આસિયાન સમિટમાં એશિયા–પેસિફિકના 15 દેશોએ RCEP સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે ?
(A) 35મી (B) 36મી (C) 37મી (D) 38મી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. તાજેતરમાં યોજાયેલી 37મી આસિયાન સમિટમાં એશિયા–પેસિફિકના 15 દેશોએ કઈ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે ?

(A) RCAP (B) RCBP (C) RCCP (D) RCEP **(D)**

11. RCEPનું પૂરું નામ શું છે ?

(A) Regional Comprehensive Economic Partnership

(B) Regular Comprehensive Economic Partnership

(C) Reliable Comprehensive Economic Partnership

(D) Reorganize Comprehensive Economic Partnership **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**17 NOVEMBER, 2020 TUESDAY**

## ➤ લઘુગ્રહ દ્વારા નિર્મિત ભારતના એકમાત્ર સરોવર લોનાર સરોવરનો ભારતની 41મી રામસર સાઈટ તરીકે સમાવેશ

Ramsar Convention અંતર્ગત 13 નવેમ્બર 2020ના રોજ ભારતના બે સરોવરો –

(1) **સુર સરોવર (Sur Sarovar) અને**
(2) **લોનાર સરોવર (Lonar Lake)**

નો રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

### સુર સરોવર

13 નવેમ્બર 2020ના રોજ ભારતની **40મી રામસર સાઈટ** તરીકે **સુર સરોવર**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સરોવર ભારતમાં ઉત્તરપ્રદેશના **આગ્રા** જિલ્લામાં આગ્રા–દિલ્હી હાઈવે પર **આગ્રા** પાસે આવેલું છે.
- **'Sur Sarovar'**ને **'Keetham Lake'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અહીં આવેલા પક્ષી અભયારણ્યમાં 106થી વધુ જાતના પ્રવાસીપક્ષીઓ નિવાસ કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### લોનાર સરોવર

13 નવેમ્બર 2020ના રોજ **લોનાર સરોવર**નો ભારતની **41મી રામસર સાઈટ** તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સરોવર ભારતમાં **મહારાષ્ટ્ર**ના **બુલધાણા** જિલ્લાના **લોનાર** ખાતે આવેલું છે.
- લોનાર સરોવર એ **લઘુગ્રહ** અથવા તો **ઉલ્કા** દ્વારા નિર્માણ પામેલું ભારતનું **એકમાત્ર સરોવર** છે.
- તેનું નિર્માણ **ઉલ્કા** પડવાથી થયું હતું.
- તાજેતરમાં જૂન 2020 દરમિયાન આ સરોવરનું પાણી **ગુલાબી રંગનું** થઈ ગયું હોવાથી તે ચર્ચામાં રહયું હતું.
- લોનાર સરોવરને **'Lonar Crater'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રામસર સાઈટ

17 નવેમ્બર 2020 સુધીમાં રામસર સાઈટ તરીકે ભારતના કુલ 41 સ્થળોનો સમાવેશ થયો છે.

- જેમાં 1 ઓક્ટોબર 1981ના રોજ ભારતમાંથી સૌપ્રથમ વખત ઓડિશાના ચિલ્કા સરોવર અને રાજસ્થાનના કેવલાદેવ નેશનલ પાર્કનો રામસર સાઈટ તરીકે સમાવેશ થયો હતો.
- ભારતની રામસર સાઈટમાં અત્યાર સુધી ગુજરાતમાંથી એકમાત્ર નળસરોવરનો સમાવેશ થયો છે.
- જેમાં 24 સપ્ટેમ્બર 2012ના રોજ ગુજરાતના નળ સરોવર પક્ષી અભયારણ્યનો રામસર સાઈટ તરીકે સમાવેશ થયો હતો.

### ભારતની રામસર સાઈટ

| ક્રમ | સાઈટ | રાજ્ય | વર્ષ |
|---|---|---|---|
| 1-2 | ચિલ્કા સરોવર | ઓડિશા | 1981 |
| 1-2 | કેવલાદેવ નેશનલ પાર્ક | રાજસ્થાન | 1981 |
| – | નળ સરોવર પક્ષી અભયારણ્ય | ગુજરાત | 2012 |
| 38 | અસન બેરેજ | ઉત્તરાખંડ | 2020 |
| 39 | કનવર તાલ અથવા કાબર તાલ સરોવર | બિહાર | 2020 |
| 40 | સુર સરોવર | ઉત્તરપ્રદેશ | 2020 |
| 41 | લોનાર સરોવર | મહારાષ્ટ્ર | 2020 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** રામસર સાઈટ તરીકે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા Wetland (આર્દ્રભૂમિ અથવા તો જલપ્લાવિત) વિસ્તારોનો સમાવેશ કરવામાં આવે છે.



ICE Questions

1. 'સુર સરોવર' અથવા તો 'કીથમ સરોવર' ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?
(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) બિહાર **(B)**

2. 'લોનાર સરોવર' ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?
(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) બિહાર **(A)**

3. નવેમ્બર 2020 દરમિયાન ભારતના કયા બે સરોવરોનો રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) લોનાર સરોવર અને ચિલ્કા સરોવર (B) લોનાર સરોવર અને કોલેરુ સરોવર
(C) લોનાર સરોવર અને સુર સરોવર (D) લોનાર સરોવર અને લોકટક સરોવર **(C)**

4. નવેમ્બર 2020 દરમિયાન ભારતના સુર સરોવર અને લોનાર સરોવરનો ભારતની કેટલામી રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 38મી અને 39મી (B) 39મી અને 40મી
(C) 40મી અને 41મી (D) 41મી અને 42મી **(C)**

5. ઉત્તરપ્રદેશના સુર સરોવર અથવા તો કીથમ સરોવરનો ભારતની 40મી રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે...આ સરોવર ઉત્તરપ્રદેશના કયા જિલ્લામાં આવેલું છે?
(A) અલીગઢ (B) આગ્રા (C) અલાહાબાદ (D) આઝમગઢ **(B)**

6. મહારાષ્ટ્રના લોનાર સરોવરનો ભારતની 41મી રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે....આ સરોવર મહારાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલું છે ?
(A) બુલધાણા (B) અમરાવતી (C) પાલઘર (D) ચંદ્રપુર **(A)**

7. 1981માં ભારતમાંથી સૌપ્રથમ વખત કયા બે સ્થળોનો રામસર સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો ?
1. સુંદરવન વેટલેન્ડ
2. ચિલ્કા સરોવર
3. સાંભર સરોવર
4. કેવલાદેવ નેશનલ પાર્ક

Ans. :(A) 1, 2 (B) 1, 3 (C) 2, 4 (D) 3, 4 **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8.** 'અસન બેરેજ' ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરાખંડ **(D)**

**9.** એશિયાનું સૌથી મોટું Freshwater Oxbow Lake (U-Shaped Lake) કનવર તાલ અથવા તો કાબર તાલ સરોવર ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરાખંડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**18 NOVEMBER, 2020 WEDNESDAY**

## ➤ બિહારના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ સાતમી વખત શપથ



ઓક્ટોબર–નવેમ્બર 2020 દરમિયાન બિહારની 17મી વિધાનસભા માટે સામાન્ય ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં બિહારની 243 વિધાનસભા સીટો માટે ત્રણ તબક્કામાં મતદાન થયું હતું.
- જેમાં શ્રી તેજસ્વી યાદવના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતા દળ (RJD)ને સૌથી વધુ 75 સીટો મળી હતી.
- RJD બાદ બીજા ક્રમે ભારતીય જનતા પાર્ટી (BJP)ને 74 અને ત્રીજા ક્રમે જનતા દળ (યુનાઈટેડ)/JD(U)નો 43 સીટો પર વિજય થયો હતો.
- બિહારમાં યોજાયેલી આ ચૂંટણીમાં સરકાર રચવા માટે જરૂરી 122 સીટો કોઈ પણ એક પક્ષને મળી ન હતી.
- આથી, બિહારમાં BJP, JD(U) અને અન્ય પક્ષોના ગઠબંધનવાળી NDA (National Democratic Alliance)ની નવી સરકારની રચના થઈ છે.
- આ અંતર્ગત બિહારના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારે બિહારમાંથી સૌથી વધુ સાતમી વખત શપથ લીધા છે.
- બિહારના પટના ખાતે આવેલા રાજભવનમાં બિહારના રાજયપાલ શ્રી ફાગુ ચૌહાણે શ્રી નીતિશ કુમારને આ શપથ અપાવ્યા હતા.
- શ્રી નીતિશ કુમાર સૌપ્રથમ વખત 3 માર્ચ 2000ના રોજ બિહારના 22મા મુખ્યમંત્રી બન્યા હતા.
- એ સમયે તેઓ ફક્ત 7 દિવસ માટે બિહારના મુખ્યમંત્રી રહયા હતા.

**નોંધ :** તાજેતરમાં શ્રી નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે સતત ચોથી વખત અને કુલ સાતમી વખત શપથ લીધા છે.

### સુશ્રી રેણુ દેવી બિહારના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી બન્યા

16 નવેમ્બર 2020ના રોજ બિહારના નવા નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી સુશીલ કુમાર મોદીની જગ્યાએ ભારતીય જનતા પાર્ટીના બે નવા નેતાઓ –

(1) **શ્રી તારકિશોર પ્રસાદ અને**

(2) **સુશ્રી રેણુ દેવી**

ની નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે જ **સુશ્રી રેણુ દેવી** બિહારના **પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી** બની ગયા છે.

**નોંધ :** બિહારના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી **સુશ્રી રેણુ દેવી** છે. જ્યારે બિહારના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું નામ **સુશ્રી રાબડી દેવી** છે.

## શપથ વિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ:**(1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ **15 ટકા** મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ-163** અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

(5) ભારતમાં 18 નવેમ્બર 2020ની સ્થિતિએ હાલ **આંધ્રપ્રદેશ**માં સૌથી વધુ **5 નાયબ મુખ્યમંત્રી** હોદ્દા પર કાર્યરત છે.

(6) **આંધ્રપ્રદેશ** બાદ બીજા ક્રમે **કર્ણાટક**માં **ત્રણ** નાયબ મુખ્યમંત્રી પદ પર છે.

(7) અને **આંધ્રપ્રદેશ** અને **કર્ણાટક** બાદ ત્રીજા ક્રમે **ગોવા અને ઉત્તરપ્રદેશ** અને **બિહાર**માં **બે-બે** નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે.

**ભારતમાં હાલ કાર્યરત સૌથી વધુ નાયબ મુખ્યમંત્રી**

| ક્રમ | રાજ્ય | કાર્યરત નાયબ મુખ્યમંત્રીની સંખ્યા |
|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 5 |
| 2 | કર્ણાટક | 3 |
| 3 | ગોવા, ઉત્તરપ્રદેશ, બિહાર | 2 |
| 4 | હરિયાણા, અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, તમિલનાડુ, ત્રિપુરા | 1 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં બિહારની કેટલામી વિધાનસભા માટે સામાન્ય ચૂંટણીનું આયોજન થયું હતું ?<br>(A) 16મી (B) 17મી (C) 18મી (D) 19મી | (B) |
| 2. | તાજેતરમાં બિહારમાં કુલ કેટલી સીટો માટે વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું ?<br>(A) 240 (B) 241 (C) 242 (D) 243 | (D) |
| 3. | શ્રી નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે સતત કેટલામી વખત શપથ લીધા છે ?<br>(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) સાતમી | (C) |
| 4. | શ્રી નીતિશ કુમારે તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી તરીકે રેકોર્ડ કેટલામી વખત શપથ લીધા છે ?<br>(A) પાંચમી (B) છઠ્ઠી (C) સાતમી (D) આઠમી | (C) |
| 5. | શ્રી નીતિશ કુમારને બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ કોણે અપાવ્યા છે ?<br>(A) શ્રી કલરાજ મિશ્રા (B) શ્રી ફાગુ ચૌહાણ<br>(C) ડૉ. બી. ડી. મિશ્રા (D) શ્રી જગદીપ ધનખર | (B) |
| 6. | તાજેતરમાં બિહારમાં કયા ગઠબંધનવાળી સરકાર અસ્તિત્વમાં આવી છે ?<br>(A) UPA (B) NDA (C) મહાગઠબંધન (D) RDA | (B) |
| 7. | બિહારના નવા નાયબ મુખ્યમંત્રી તરીકે નીચેનામાંથી કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી સુશીલ કુમાર મોદી (B) શ્રી જીતન રામ માંઝી<br>(C) શ્રી કિશોર પરમાર (D) શ્રી તારકિશોર પ્રસાદ | (D) |
| 8. | બિહારના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) સુશ્રી રમા દેવી (B) સુશ્રી રિયા દેવી<br>(C) સુશ્રી રંભા દેવી (D) સુશ્રી રેણુ દેવી | (D) |
| 9. | બિહારના પ્રથમ મહિલા મુખ્યમંત્રી કોણ છે ?<br>(A) સુશ્રી રેણુ દેવી (B) સુશ્રી રેણુકા દેવી<br>(C) સુશ્રી રાબડી દેવી (D) સુશ્રી રમીલા દેવી | (C) |
| 10. | તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ પાંચ નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે ?<br>(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) તમિલનાડુ (D) કેરળ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 19 NOVEMBER, 2020 THURSDAY

**દિવસ મહિમા : 19 નવેમ્બર** (1) શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન
(2) વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)
(3) International Men's Day

### વિશ્વ શૌચાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'World Toilet Organization' દ્વારા સૌપ્રથમ 2001થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2012-13માં તેને માન્યતા આપવામાં આવી છે.
- વર્ષ 2020ની 'વિશ્વ શૌચાલય દિવસ'ની થીમ 'Sustainalbe Sanitation and Climate Change' છે.

### શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન



ભારતમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ લોખંડી મહિલા અને ભારતના એક માત્ર મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીની જન્મજયંતી ઉજવાય છે.

- 19 નવેમ્બર-1917ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન (19 નવેમ્બર, 2019) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા.
- તેઓ સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- જુલાઈ 1969માં તેમણે 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું.
- 1971માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર બાંગ્લાદેશનો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે 1967માં નેશનલ ન્યુક્લિઅર પ્રોગ્રામ શરૂ કર્યો અને 1974માં 'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'ના સાંકેતિક નામથી રાજસ્થાનના રણ વિસ્તારમાં આવેલા પોખરણ ગામ નજીક પ્રથમ વખત સફળ અણુપરીક્ષણ કર્યું.
- 1971ની ચૂંટણીમાં 'ગરીબી હટાવો'નું સૂત્ર આપ્યું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી કલમ 352ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ફકરુદ્દીન અલી અહેમદે 26 જૂન, 1975ના રોજ ભારતમાં 'આંતરિક અવ્યવસ્થા'ને લઈને 'કટોકટી'ની સ્થિતિ જાહેર કરી.
- જૂન 1984માં પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' હાથ ધર્યું અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓક્ટોબર, 1984ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ 'શક્તિ સ્થળ' તરીકે ઓળખાય છે.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ 'પ્રિયદર્શિની' હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિલ્હી ખાતે આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | મિનિંગ |
|---|---|---|---|
| 1 | શ્રી મહાત્મા ગાંધીજી | રાજઘાટ | રોયલ સ્ટેપ્સ |
| 2 | શ્રી જવાહરલાલ નહેરુ | શાંતિવન | ગાર્ડન ઓફ પીસ |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ | વિક્ટ્રી પ્લેટફોર્મ |
| 4 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | શક્તિ ઘાટ | પ્લેસ ઓફ પાવર |
| 5 | શ્રી જગજીવન રામ | સમતા સ્થળ | પ્લેસ ઓફ ઈક્વાલિટી |
| 6 | શ્રી ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ | ફાર્મર્સ પ્લેટફોર્મ |
| 7 | શ્રી રાજીવ ગાંધી | વીર ભૂમિ | લેન્ડ ઓફ બ્રેવ |
| 8 | શ્રી જ્ઞાની ઝૈલસિંહ | એકતા સ્થળ | પ્લેસ ઓફ યુનિટી |
| 9 | શ્રી શંકર દયાલ શર્મા | કર્મ ભૂમિ | લેન્ડ ઓફ ડ્યુટી |
| 10 | શ્રી આઈ. કે. ગુજરાલ | સ્મૃતિ સ્થળ | પ્લેસ ઓફ રીમેમ્બરન્સ |
| 11 | શ્રી ચન્દ્રકાન્ત શેખર | જનનાયક સ્થળ | પ્લેસ ઓફ પિપલ્સ લીડર |
| 12 | શ્રી દેવીલાલ | સંઘર્ષ સ્થળ | પ્લેસ ઓફ સ્ટ્રગલ |
| 13 | શ્રી કિશનકાંત | નિગમબોધ ઘાટ | – |
| 14 | શ્રી પી. વી. નરસિંહ રાવ | પી. વી. ઘાટ | – |
| 15 | શ્રી અટલ બિહારી વાજપેઈ | સદૈવ અટલ | – |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી સિવાય ભારતના અન્ય સ્થળોએ આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | સ્થળ |
|---|---|---|---|
| 1 | ડો. બાબા સાહેબ આંબેડકર | ચૈત્ય ભૂમિ | દાદર, ચોપાટી, મુંબઈ |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | અભય ઘાટ | અમદાવાદ |
| 3 | શ્રી ગુલઝારીલાલ નંદા | નારાયણ ઘાટ | અમદાવાદ |

**નોંધ :** (1) બ્લ્યુ માર્બલ પ્લેટ ફોર્મ અને કાળા આરસપહાણનો ચબૂતરો એ શ્રી મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ રાજઘાટની વિશેષતા છે.

(2) જ્યારે એક મોટું કમળનું ફૂલ અને તેની ફરતે શ્રી રાજીવ ગાંધીનો જીવનકાળ દર્શાવતા નાના 46 કમળના ફૂલ તથા તેની ફરતે ભારતના દરેક રાજ્યમાંથી આવેલી શિલાઓ એ શ્રી રાજીવ ગાંધીના સમાધિ સ્થળ વીર ભૂમિની વિશેષતા છે.

(3) અને એક વિશાળ લાલ–ગ્રે શિલા એ શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમાધિ સ્થળ શક્તિ સ્થળની વિશેષતા છે.

## ➤ બંગાળી ફિલ્મોના દંતકથા સમાન અભિનેતા શ્રી સૌમિત્ર ચેટર્જીનું નિધન




**બંગાળી ફિલ્મો**ના પ્રસિદ્ધ અભિનેતા **શ્રી સૌમિત્ર ચેટર્જીનું** 15 નવેમ્બર 2020ના રોજ **કોલકાતા** ખાતે 85 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 19 જાન્યુઆરી 1935ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા** ખાતે થયો હતો.
- તેમનું મૂળનામ **શ્રી ઉત્તમકુમાર** હતું.
- તેઓ બંગાળના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા, દિગ્દર્શક, નાટ્યકાર, લેખક અને કવિ હતા.
- શ્રી સૌમિત્ર ચેટર્જી **'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'** વિજેતા **પ્રથમ બંગાળી વ્યક્તિ** હતા.

### કારીકર્દી

શ્રી સૌમિત્ર ચેટર્જીએ 210થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

- ફિલ્મ ક્ષેત્રે તેમની કારકિર્દીનો પ્રારંભ 1959માં પ્રસિદ્ધ થયેલી શ્રી સત્યજીત રેની ફિલ્મ **'અપુર સંસાર' (Apur Sansar)**થી થયો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એવોર્ડ

શ્રી સૌમિત્ર ચેટર્જીને એનાયત થયેલા મુખ્ય એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :

(1) **Order des Arts et des Letteres (1999) (ફ્રાન્સ)**

(2) **Padma Bhushan (2004)**

(3) **Chevalier de la Legion d'honneur (2017) (ફ્રાન્સ)**

(4) **Sangeet Natak Akademi Award (1998)**

(5) **National Film Award (1991, 2000, 2006)**

(6) **Dadasaheb Phalke Award (2012)**

**નોંધ :** શ્રી સૌમિત્ર ચેટર્જી **ફ્રાન્સ**નો આર્ટિસ્ટ માટેનો **'Order des Arts et des Letters' એવોર્ડ** વિજેતા **પ્રથમ ભારતીય વ્યક્તિ** હતા.

ICE Questions

1. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જન્મદિન ક્યારે ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર **(C)**

2. 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર **(C)**

3. 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર **(C)**

4. વર્ષ 2020ના 'વિશ્વ શૌચાલય દિવસ'ની થીમ શું છે ?
   (A) Sustainable Sanitation and COVID-19
   (B) Sustainable Sanitation and Climate Change
   (C) Sustainable Sanitation and Globalization
   (D) Sustainable Sanitation and World Population **(B)**

5. તાજેતરમાં શ્રી સૌમિત્ર ચેટર્જીનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
   (A) અર્થશાસ્ત્ર (B) સંગીત (C) રાજકારણ (D) ફિલ્મ **(D)**

6. બંગાળી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેતા શ્રી સૌમિત્ર ચેટર્જીનું નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?
   (A) દુર્ગાપુર (B) સિલિગુડી (C) આસનસોલ (D) કોલકાતા **(D)**

7. શ્રી સૌમિત્ર ચેટર્જીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેઓ બંગાળના પ્રસિદ્ધ અભિનેતા, દિગ્દર્શક, નાટ્યકાર, કવિ અને લેખક હતા.
   2. તેઓ 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' વિજેતા પ્રથમ બંગાળી વ્યક્તિ હતા.
   3. તેઓ ફ્રાન્સનો આર્ટિસ્ટ માટેનો એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય હતા.

   Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

8. બંગાળી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેતા શ્રી સૌમિત્ર ચેટર્જીનું નિધન થયું છે...તેમને ભારત સરકાર તરફથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?
   (A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ
   (C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

## 20 NOVEMBER, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 20 નવેમ્બર, વિશ્વ બાળ દિવસ અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ' (World Children's Day)

**નોંધ :** ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુનો જન્મદિન 14 નવેમ્બર ભારતમાં 'બાળ દિન' તરીકે ઉજવાય છે. જ્યારે 'વિશ્વ બાળ દિવસ' 20 નવેમ્બરના રોજ ઉજવાય છે.

### ➤ ભારતમાં OTT પ્લેટફોર્મ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ લાવવાની જાહેરાત

ભારતમાં **OTT પ્લેટફોર્મ** અથવા તો **વીડિયો સ્ટ્રીમિંગ સેવા** આપનારાઓને કેન્દ્ર સરકારના **માહિતી અને પ્રસારણ મંત્રાલય** હેઠળ લાવવાનો કેન્દ્ર સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

- ભારતમાં OTT પ્લેટફોર્મ અથવા તો વીડિયો સ્ટ્રીમિંગ સેવા આપનારાઓ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા **'ડિજિટલ તથા ઓનલાઇન મીડિયા'**ને **નિયંત્રિત** કરવા માટે અથવા તો તેના **નિયમન** માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

#### OTT પ્લેટફોર્મ શું છે ?

**OTT પ્લેટફોર્મનું** પૂરું નામ **Over The Top પ્લેટફોર્મ** છે.

- OTT સેવાઓમાં ખાસ કરીને એવી **એપ**નો સમાવેશ થાય છે કે જેનો ઉપયોગ **ઈન્ટરનેટના માધ્યમથી** કરવામાં આવતો હોય.
- આ અંતર્ગત **Netflix, Amazon Prime, Hotstar** અને **Online News Portal** જેવી સેવાઓનો સમાવેશ થાય છે.
- આ તમામ સેવાઓ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા કન્ટેન્ટના નિયમન અને નિયંત્રણ માટે તેને કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ લાવવામાં આવ્યા છે.

**નોંધ :** ભારતમાં –

(1) Press Council of India (PCI) દ્વારા પ્રિન્ટ મીડિયાનું

(2) News Broadcasters Association (NBA) દ્વારા ન્યુઝ ચેનલોનું અને

(3) Advertising Standards Council of India (ASCI) દ્વારા ભારતના જાહેરાત ઉદ્યોગનું

નિમયન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારત દ્વારા QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ

નવેમ્બર 2020 દરમિયાન ભારતે Quick Reaction Surface to Air Missile (QRSAM) સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે.

- ભારતમાં ઓડિશાના ચાંદીપુર ખાતે આવેલી 'ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ' (ITR) પરથી આ મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- QRSAM એ જમીનથી હવામાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી સ્વદેશી મિસાઈલ સિસ્ટમ છે.
- ભારતમાં DRDO દ્વારા તેની ડિઝાઈન અને તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેની રેન્જ 25થી 30 કિમી સુધીની છે.

**નોંધ :** (1) ભારતીય સેનાની ટુકડીઓને દુશ્મન દેશોના હવાઈ હુમલાથી બચાવવા માટે આ મિસાઈલ સિસ્ટમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(2) તમામ ઋતુ અને તમામ વાતાવરણમાં કામ આપતી આ મિસાઈલને ટૂંકમાં લગાવી શકાય છે.

(3) ભારતમાં DRDO દ્વારા Bharat Electronic Limited (BEL) અને Bharat Dynamics Limited (BDL)ની મદદથી આ મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મેન બૂકર પ્રાઈઝ 2020

19 નવેમ્બર 2020ના રોજ સ્કોટલેન્ડના પ્રસિદ્ધ લેખક શ્રી ડગ્લાસ સ્ટુઅર્ટ (Douglas stuart)ને તેમની પ્રસિદ્ધ કૃતિ 'શુગી બૈન' (Shuggie Bain) માટે વર્ષ 2020નો 'મેન બૂકર પુરસ્કાર' એનાયત થયો છે.

- આ સાથે જ શ્રી ડગ્લાસ સ્ટુઅર્ટ શ્રી જેમ્સ કેલમેન બાદ મેન બૂકર પ્રાઈઝ જીતનાર સ્કોટલેન્ડના બીજા લેખક બની ગયા છે.
- 'શુગી બૈન' એ શ્રી ડગ્લાસ સ્ટુઅર્ટની પ્રથમ નવલકથા (Novel) છે.
- આ નવલકથા અંગ્રેજી ભાષામાં લખાયેલી છે.

## મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ 2020

થોડા સમય અગાઉ 28 ઓગસ્ટ 2020ના રોજ **નેધરલેન્ડ**ના મહિલા સર્જક **સુશ્રી મેરીક લુકાસ રિજનેવેલ્ડ (Marieke Lucas Rijneveld)**ને તેમની બૂક **'The Discomfort of Evening'** માટે વર્ષ **2020**નો **'મેન બૂકર ઈન્ટરનેશનલ પુરસ્કાર'** એનાયત થયો હતો.

- આ સાથે જ **સુશ્રી મેરીક રિજનેવેલ્ડ** આ પુરસ્કાર જીતનાર **નેધરલેન્ડના પ્રથમ લેખક** બની ગયા છે.
- 'The Discomfort of Evening' એ સુશ્રી મેરીક રિજનેવેલ્ડની પ્રથમ નવલકથા (Novel) છે.
- આ નવલકથા **ડચ** ભાષામાં લખાયેલી છે.
- જેનો **બ્રિટન**ના મહિલા સર્જક અને ટ્રાન્સલેટર **સુશ્રી મિશેલ હચિસન (Michele Hutchison)**એ **અંગ્રેજી**માં અનુવાદ કર્યો છે.
- આથી, 'The Discomfort of Evening' બૂકની અંગ્રેજીમાં અનુવાદિત થયેલી કૃતિ માટે **નેધરલેન્ડ**ના **સુશ્રી મેરીક રિજનેવેલ્ડ** અને **બ્રિટન**ના **સુશ્રી મિશેલ હચિસન**ને સંયુક્ત રીતે વર્ષ **2020**નો **'મેન બૂકર ઈન્ટરનેશનલ પુરસ્કાર'** એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## The Booker Prize & The Interenational Booker Prize

'મેન બૂકર પ્રાઈઝ' અને 'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ' એ **બ્રિટન**માં દર વર્ષે એનાયત થતા હાઈ પ્રોફાઈલ (ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતા) **સાહિત્યિક એવોર્ડ** છે.

- બ્રિટનના **મેન ગ્રૂપ** દ્વારા આ એવોર્ડ એનાયત થાય છે.
- 'મેન બૂકર પ્રાઈઝ'ને **'બૂકર પ્રાઈઝ'** અથવા તો **'બૂકર-મેકકોનેલ પ્રાઈઝ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- દર વર્ષે **અંગ્રેજી ભાષામાં લખાયેલી અને બ્રિટનમાં પ્રકાશિત થયેલી શ્રેષ્ઠ મૂળ નવલકથા**ને **'મેન બૂકર પ્રાઈઝ'**થી સન્માનિત કરવામાં આવે છે.
- જ્યારે **અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી નવલકથા**ને **'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ'**થી સન્માનિત કરવામાં આવે છે.
- **'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ'**ને **'ઈન્ટરનેશનલ બૂકર પ્રાઈઝ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ➤ ભારતીય નૌસેના દ્વારા કલવરી કલાસની પાંચમી સબમરીન INS વાગીર લોન્ચ





12 નવેમ્બર 2020ના રોજ ભારતમાં મુંબઈ પાસે આવેલા મઝગાંવ ડોક ખાતેથી INS Vagir નામની એક સબમરીન લોન્ચ કરવામાં આવી છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના સંરક્ષણ મંત્રી શ્રી શ્રીપદ યેશો નાઈકના પત્ની સુશ્રી વિજયા દેવીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ સબમરીન લોન્ચ કરી છે.
- આ સબમરીનને 'Vagir' નામ ઊંડા સમુદ્રમાં જોવા મળતી 'વાગીર' નામની પ્રસિદ્ધ શિકારી માછલીના નામ પરથી આપવામાં આવ્યું છે.

### INS વાગીર કલવરી ક્લાસની પાંચમી સબમરીન

INS વાગીરએ સ્કોર્પિયન ક્લાસની સબમરીનને આધારે તૈયાર થયેલી કલવરી ક્લાસની પાંચમી સબમરીન છે.

- આ ઉપરાંત INS વાગીરએ પ્રોજેક્ટ 75 અંતર્ગત નિર્માણ પામેલી પણ પાંચમી સબમરીન છે.
- ફ્રાન્સની સ્કોર્પિયન ક્લાસની સબમરીનને આધારે ભારતમાં જ પ્રોજેક્ટ-75 અંતર્ગત 6 સબમરીનના નિર્માણ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર થયા હતા.
- આ કરાર મુજબ પ્રોજેક્ટ-75 અંતર્ગત ભારતમાં 'મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ' નામની કંપની દ્વારા 6 સબમરીનનું નિર્માણ કરવામાં આવશે. અને આ માટેની ટેક્નોલોજી ફ્રાન્સની 'નેવલ ગ્રૂપ' નામની કંપની દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- INS વાગીર 'કલવરી ક્લાસ' ઉપરાંત 'સ્કોર્પિયન ક્લાસ'ની સબમરીન તરીકે પણ ઓળખાય છે.
- ફ્રાન્સની સ્કોર્પિયન ક્લાસની સબમરીનને આધારે પ્રોજેક્ટ-75 અંતર્ગત નિર્માણ પામેલી અથવા તો નિર્માણાધિન 6 સબમરીનના નામ આ પ્રમાણે છે :

INSTITUTE FOR COMPETITIVE

## સ્કોર્પિયન ક્લાસ આધારિત સબમરીન

| ક્રમ | નામ | લોન્ચ/જળાવતરણ | નૌકાદળમાં સામેલ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| 1 | INS કલવરી | 6 એપ્રિલ, 2015 | 14 ડિસેમ્બર, 2017 | કાર્યરત |
| 2 | INS ખંડેરી | 12 જાન્યુઆરી, 2017 | 28 સપ્ટેમ્બર, 2019 | કાર્યરત |
| 3 | INS કરંજ | 31 જાન્યુઆરી, 2018 | – | ટ્રાયલ માટે સમુદ્રમાં |
| 4 | INS વેલા | 6 મે, 2019 | – | ટ્રાયલ માટે સમુદ્રમાં |
| 5 | INS વાગીર | 12 નવેમ્બર, 2020 | – | ટ્રાયલ માટે સમુદ્રમાં |
| 6 | INS વાગશીર | – | – | નિર્માણ કાર્ય ચાલુ છે |

- **સ્કોર્પિયન વર્ગ**ની સબમરીનની ડિઝાઈનને આધારે તૈયાર થયેલી આ 6 સબમરીનમાંથી **પ્રથમ** સબમરીનનું નામ '**કલવરી**' છે.
- આથી, '**કલવરી**'ના નામ પરથી આ 6 સબમરીન '**કલવરી ક્લાસ**'ની સબમરીન તરીકે ઓળખાય છે.

## કલવરી કલાસની સબમરીનોની વિશેષતા

આ સબમરીનો **ડીઝલ-ઈલેક્ટ્રીક એટેક** સબમરીન છે.

- **'સાઈલન્ટ કિલર'** તરીકે ઓળખાતી આ સબમરીનો ઓછા અવાજથી દુશ્મનના જહાજને થાપ આપવામાં માહેર છે.
- આ સબમરીન ખૂબ લાંબા સમય સુધી પાણીની સપાટીની નીચે રહી શકે છે.
- પાણીમાં અત્યંત ગુપ્ત મૌન ઓપરેશનને અંજામ આપવા માટે આ સબમરીનો અતિઆધુનિક ટેક્નોલોજી, વિવિધ હથિયારો, મિસાઈલ તથા સેન્સરથી સજ્જ છે, જે શત્રુને શોધવા તેને ઓળખવા અને તેને નષ્ટ કરવામાં મદદ કરે છે.
- ટૂંકમાં, કલવરી કલાસની આ તમામ સબમરીન કોઈપણ આધુનિક સબમરીન દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરવા માટે સક્ષમ છે.
- જેમાં એન્ટી સરફેશ તથા એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MDL

**મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ** અથવા તો **મઝગાંવ ડોક લિમિટેડ (MDL)** એ ભારતની **જાહેર ક્ષેત્ર**ની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે. તે ભારતીય નૌસેનાની જરૂરિયાતો પૂરી કરે છે. આ કંપની મહારાષ્ટ્રના **મુંબઈ**ના **મઝગાંવ** ખાતે આવેલી છે.

**નોંધ :** (1) **INS વાગીરનું** પૂરું નામ '**ઈન્ડિયન નેવલ સબમરીન વાગીર**' છે.

(2) ભારતીય નૌસેનાના સંદર્ભમાં **INS**ના ત્રણ અર્થ થાય છે :

(i) ઈન્ડિયન નેવલ શિપ (દા.ત. INS વિરાટ)

(ii) ઈન્ડિયન નેવલ સબમરીન (દા.ત. INS વાગીર)

(iii) ઈન્ડિયન નેવલ સ્ટેશન

(3) **પરમાણુ મિસાઈલથી સજ્જ** ભારતની **પ્રથમ સબમરીનનું** નામ **INS અરિહંત** છે.

(4) ભારતીય નૌકાદળમાં આ અગાઉ પણ **3 નવેમ્બર, 1973**ના રોજ **INS વાગીર** નામની સબમરીન સામેલ કરવામાં આવી હતી. જોકે, **7 જૂન, 2001**ના રોજ તેને સેવાનિવૃત્ત કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. ‘વિશ્વ બાળ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 નવેમ્બર (B) 19 નવેમ્બર (C) 20 નવેમ્બર (D) 21 નવેમ્બર **(C)**

2. ભારતમાં ‘બાળ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 નવેમ્બર (B) 14 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 20 નવેમ્બર **(B)**

3. ભારતમાં OTT પ્લેટફોર્મને કેન્દ્ર સરકારના કયા મંત્રાલયના નિયમન હેઠળ લાવવામાં આવ્યું છે ?
(A) સંરક્ષણ (B) કાયદો અને ન્યાય
(C) વિજ્ઞાન અને ટેકનોલોજી (D) માહિતી અને પ્રસારણ **(D)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ OTT પ્લેટફોર્મનું પૂરું નામ શું છે ?
(A) Over The Top (B) Over Top Ten
(C) Over Top Television (D) Over The Ten **(A)**

5. નવેમ્બર 2020 દરમિયાન ભારત દ્વારા ક્યાંથી QRSAM મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) ચાંદીપુર, ઓડિશા (B) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(C) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ (D) કોલકાતા, પશ્ચિમ બંગાળ **(A)**

6. QRSAMનું પૂરું નામ શું છે?
(A) Quick Responce Surface to Air Missile
(B) Quick Reaction Surface to Air Missile
(C) Quick Restart Surface to Air Missile
(D) Quick Reply Surface to Air Missile **(B)**

7. ભારતની QRSAM એ કયા પ્રકારની પ્રહાર ક્ષમતા ધરાવતી મિસાઈલ સિસ્ટમ છે ?
(A) જમીનથી જમીન (B) હવાથી જમીન
(C) પાણીથી હવા (D) જમીનથી હવા **(D)**

8. વર્ષ 2020ના ‘બૂકર પ્રાઈઝ’ અથવા તો ‘મેન બૂકર પ્રાઈઝ’ વિજેતા સર્જક કોણ છે ?
(A) શ્રી સ્ટુઅર્ટ વિલિયમ્સ (B) શ્રી ડગ્લાસ સ્ટુઅર્ટ
(C) શ્રી જેમ્સ સ્ટુઅર્ટ (D) શ્રી સોરેન ડગ્લાસ **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

9. શ્રી ડગ્લાસ સ્ટુઅર્ટને તેમની કઈ પ્રથમ નવલકથા માટે વર્ષ 2020નો 'મેન બૂકર પ્રાઈઝ' એનાયત થયો છે ?
(A) The Testaments (B) Shuggie Bain
(C) The Discomfort of Evening (D) Girl Hate
**(B)**

10. તાજેતરમાં કયા બે મહિલા સર્જકોને સંયુક્ત રીતે વર્ષ 2020નો 'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ' એનાયત થયો છે ?
(A) સુશ્રી મેરીક રિજનેવેલ્ડ અને સુશ્રી માર્ગારેટ એટવૂડ
(B) સુશ્રી મેરીક રિજનેવેલ્ડ અને સુશ્રી ઓલ્ગા તોકાર્કઝુક
(C) સુશ્રી મેરીક રિજનેવેલ્ડ અને સુશ્રી મિશેલ હચિસન
(D) સુશ્રી મેરીક રિજનેવેલ્ડ અને સુશ્રી બ્રેન્ટલી અર્નેસ્ટ
**(C)**

11. સુશ્રી મેરીક રિજનેવેલ્ડ અને સુશ્રી મિશેલ હચિસનને કઈ નવલકથા માટે વર્ષ 2020નો 'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ' એનાયત થયો છે ?
(A) The Testaments (B) Shuggie Bain
(C) The Discomfort of Evening (D) Girl Hate
**(C)**

12. સુશ્રી મેરીક રિજનેવેલ્ડ 'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ' વિજેતા કયા દેશના પ્રથમ લેખક બની ગયા છે ?
(A) બ્રિટન (B) ફિનલેન્ડ (C) નેધરલેન્ડ (D) સ્કોટલેન્ડ
**(C)**

13. 12 નવેમ્બર, 2020ના રોજ ભારતમાં કઈ નવી સબમરીન લોન્ચ કરવામાં આવી છે ?
(A) INS ખંડેરી (B) INS વેલા (C) INS કરંજ (D) INS વાગીર
**(D)**

14. 12 નવેમ્બર, 2020ના રોજ ભારતમાં INS વાગીર નામની સબમરીન કયાંથી લોન્ચ કરવામાં આવી છે ?
(A) કોલકાતા (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) વિશાખાપટ્ટનમ
**(C)**

15. ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલી INS વાગીર કયા કલાસની સબમરીન છે ?
(A) રાજપૂત (B) ખંડેરી (C) કરંજ (D) કલવરી
**(D)**

16. ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલી INS વાગીર કલવરી કલાસની કેટલામી સબમરીન છે ?
(A) ત્રીજી (B) ચોથી (C) પાંચમી (D) છઠ્ઠી
**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. 12 નવેમ્બર, 2020ના રોજ ભારતમાં લોન્ચ થયેલી INS વાગીરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
  1. તેનું નિર્માણ ફ્રાન્સની સહાયથી થયું છે.
  2. તેનું નિર્માણ ભારતના 'મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ'માં થયું છે .

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

18. તાજેતરમાં ભારતમાં લોન્ચ થયેલ 'INS વાગીર' શું છે ?
(A) યુદ્ધ જહાજ (B) પેટ્રોલિંગ વેસલ
(C) વિમાન વાહક જહાજ (D) સબમરીન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 21 NOVEMBER, 2020 SATURDAY

➤ દિવસ મહિમા : 21 નવેમ્બર, (1) વિશ્વ ટીવી દિવસ (World Television Day)
(2) વિશ્વ મત્સ્યપાલન દિવસ (World Fisheries Day)

➤ કેન્દ્ર સરકાર દ્વારા 2.65 લાખ કરોડના 'આત્મનિર્ભર ભારત 3.0' રાહત પેકેજની જાહેરાત

COVID-19ની હાનિકારક અસરથી મંદ પડેલા ભારતીય અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે કેન્દ્ર સરકારના નાણાંમંત્રી **સુશ્રી નિર્મલા સીતારામને** નવેમ્બર 2020 દરમિયાન ભારતમાં ત્રીજા રાહત પેકેજ **'આત્મનિર્ભર ભારત 3.0'**ની જાહેરાત કરી હતી.

- આ પેકેજ અંતર્ગત ભારતમાં 2.65 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- આ સાથે જ COVID-19થી ભારતીય અર્થતંત્રને ઉગારવા માટે કેન્દ્ર સરકાર અને RBI દ્વારા અત્યાર સુધીમાં કુલ 29.87 લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે.
- આ રકમ ભારતના GDPનો 15 ટકા હિસ્સો ધરાવે છે.

### આત્મનિર્ભર ભારત 3.0ની વિશેષતા

**'આત્મનિર્ભર ભારત 3.0'** રાહત પેકેજ અંતર્ગત ભારતના વિવિધ ક્ષેત્રો માટે પ્રોત્સાહક **12 જાહેરાતો** કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

### (1) આત્મનિર્ભર ભારત રોજગાર યોજના

આ પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકારે **'આત્મનિર્ભર ભારત રોજગાર યોજના'** નામની એક નવી યોજનાની જાહેરાત કરી છે.

- ભારતમાં COVID-19ને કારણે બેરોજગાર થયેલા લોકોને રોજગારી મળી રહે તે માટે નવી રોજગારીનું સર્જન કરવા આ યોજનાની જાહેરાત કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર **EPFO રજિસ્ટર્ડ કંપની અથવા સંસ્થાને** નવી નોકરીના સર્જન માટે **સબસિડી** આપશે.
- જેમાં 1 ઓક્ટોબર, 2020 બાદ રાખવામાં આવેલા નવા પાત્ર કર્મચારીઓ માટે બે વર્ષ સુધી નીચે પ્રમાણે સબસિડી મળશે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) મહત્તમ 1000 કર્મચારીઓને રોજગાર આપતી કંપનીઓને 24 ટકા સબસિડી મળશે.

✔ આ સબસિડી કર્મચારીના EPF ખાતામાં જમા થશે.

✔ EPFO દ્વારા રજિસ્ટર્ડ કંપનીમાં દર મહિને કર્મચારીનો 12 ટકા પગાર કર્મચારીના એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ (EPF)માં જમા થાય છે.

✔ કર્મચારીના આ 12 ટકા રકમની સાથે–સાથે કંપની પણ કર્મચારીના એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ (EPF)માં 12 ટકા રકમ જમા કરાવે છે.

✔ આથી, કર્મચારી અને કંપની બન્ને દ્વારા કર્મચારીના EPFમાં દર મહિને તેના માસિક પગારની 24 ટકા રકમ જમા થાય છે.

✔ આ યોજના અંતર્ગત આ 24 ટકા રકમ હવે સરકાર ચૂકવશે.

(2) 1000થી વધુ કર્મચારીઓને રોજગાર આપતી કંપનીઓને 12 ટકા સબસિડી મળશે.

✔ આ અંતર્ગત કર્મચારીના EPFનો 12 ટકા હિસ્સો સરકાર ચૂકવશે.

✔ જ્યારે બાકીની 12 ટકા રકમ કંપનીએ ચૂકવવાની રહેશે.

- આ યોજના અંતર્ગત લાભાર્થી કર્મચારીઓમાં નીચેના કર્મચારીઓનો સમાવેશ થાય છે :

(1) EPFO દ્વારા રજિસ્ટર્ડ કંપનીમાં 15,000થી ઓછા માસિક પગાર વાળી નોકરી મેળવનાર એવો નવો કર્મચારી કે જેનું આ અગાઉ EPF માટે રજિસ્ટ્રેશન ન થયું હોય. અને

(2) 15,000 રૂપિયાથી ઓછા માસિક પગાર વાળી નોકરી ધરાવતો એવો EPF રજિસ્ટર્ડ કર્મચારી કે જેને 1 માર્ચ 2020થી 30 સપ્ટેમ્બર 2020 સુધીમાં COVID-19 મહામારીને કારણે નોકરી ગુમાવી હોય અને તેને 1 ઓક્ટોબર, 2020થી અથવા તો ત્યારબાદ નવી નોકરી મળી હોય.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ યોજના 1 ઓક્ટોબર, 2020થી 30 જૂન, 2021 સુધી અમલમાં રહેશે.

(2) એટલે કે 1 ઓક્ટોબર, 2020થી 30 જૂન, 2021 દરમિયાન નવા જોડાનાર લાભાર્થી કર્મચારી માટે સરકાર કંપનીને 2 વર્ષ સુધી સબસિડી આપશે.

## (2) Emergency Credit Line Guarantee Scheme (ECLGS)ની મુદતમાં વધારો

ભારતમાં ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS)ની મુદત 31 માર્ચ 2021 સુધી લંબાવવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત MSME, વ્યવસાયો, મુદ્રા ઋણધારકો અને વ્યકિતઓને વ્યવસાયિક ઉદ્દેશ માટે લોન મળે છે.

- હવે **'ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ 2.0'**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ યોજનાનો લાભ **હેલ્થકેર સેક્ટર** અને નાણાકીય ખેંચ અનુભવતા અન્ય **26 ક્ષેત્રો**ને મળશે.
- આ યોજનાનો લાભ **29 ફેબ્રુઆરી 2020**ના રોજ જે કંપનીની **રૂ. 50 કરોડથી 500 કરોડ** સુધીની લોન બાકી હોય તેવી કંપનીઓને મળશે.
- આવી કંપનીઓને તેમની બાકી લોનની **20 ટકા રકમ** વધારાની લોન તરીકે મળશે.
- આ વધારાની રકમ ચૂકવવા માટે તેમને **5 વર્ષ**નો સમય મળશે.
- જેમાં મુદ્દલની ચૂકવણી માટે **1 વર્ષનું** મોરેટોરિયમ પણ મળશે.
- આ યોજના **31 માર્ચ 2021** સુધી અમલમાં રહેશે.

## (3) 10 ચેમ્પિયન સેક્ટરને પણ મળશે Production Linked Incentive

ભારતમાં સ્થાનિક મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન)ને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે **Production Linked Incentive - PLI (ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન) યોજના**નો પ્રારંભ કર્યો હતો.

- હવે આ યોજના અંતર્ગત વધુ **10 મુખ્ય ક્ષેત્રો**ને આવરી લેવામાં આવ્યા છે.
- આ 10 ક્ષેત્રોને આગામી **5 વર્ષ**માં **રૂ. 1.46 લાખ કરોડ**ની પ્રોત્સાહક સહાય આપવામાં આવશે.
- આ **10 મુખ્ય (Champion) ક્ષેત્રો**માં નીચેના ક્ષેત્રોનો સમાવેશ થાય છે :
  (1) Advance Cell Chemistry Battery
  (2) Electronic / Technology Products
  (3) Automobiles & Auto Components
  (4) Pharmaceuticals Drugs
  (5) Telecom & Networking Products
  (6) Textile Products
  (7) Food Products
  (8) High Efficiency Solar PV Modules
  (9) White Goods (ACs & LED) અને
  (10) Specialty Steel
- સરકારના આ નિર્ણયથી ભારતમાં આ 10 ક્ષેત્રોમાં રોકાણ અને તેની નિકાસમાં વધારો થશે. તેમજ નવી રોજગારીનું સર્જન થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) PM Awaas Yojana-Urban

ભારતમાં કેન્દ્ર સરકારની **'પીએમ આવાસ યોજના-અર્બન'** અંતર્ગત વધુ **રૂ. 18,000 કરોડ** ફાળવવાની સરકારે જાહેરાત કરી છે.

- આ યોજના અંતર્ગત સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં **રૂ. 8000 કરોડ**ની ફાળવણી કરી હતી.
- આ 8000 કરોડ ઉપરાંત બીજા વધારાના **રૂ. 18,000 કરોડ**નો 'PM Awaas Yojana-Urban' અંતર્ગત ખર્ચ કરવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી નવા **12 લાખ** મકાનોનું કામ શરૂ થઈ શકશે.
- અને **18 લાખ** મકાનોની કામગીરી પૂર્ણ કરી શકાશે.

## (5) કન્સ્ટ્રકશન અને ઈન્ફ્રાસ્ટ્રકચર કંપનીઓ માટે રાહત

ભારતમાં સરકારી કોન્ટ્રાકટરો તથા જાહેર સાહસોને રાહત આપવા માટે સરકારે બે અગત્યના નિર્ણયો કર્યા છે :

(1) હાલ સરકારી કોન્ટ્રાકટ પર કોન્ટ્રાકટરો પાસેથી **5 થી 10 ટકા પર્ફોર્મન્સ સિક્યુરિટી** જમા રાખવામાં આવે છે. જે ઘટાડીને હવે **3 ટકા** કરવામાં આવી છે.

(2) **ટેન્ડર** માટે કોન્ટ્રાકટરોએ હવે **બાનાની રકમ** આપવી નહિ પડે. **બાનાની રકમનું** સ્થાન હવે **બિડ સિક્યોરિટી ડિક્લેરેશન** લેશે.

- આ છૂટછાટો **31 ડિસેમ્બર, 2021** સુધી અમલમાં રહેશે.
- સરકારના આ નિર્ણયથી કોન્ટ્રાકટરો અને જાહેર સાહસોને પોતાના પ્રોજેકટો પૂરા કરવા માટે વધારે રકમ ઉપલબ્ધ થશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (6) ઘર ખરીદનાર અને બિલ્ડર્સ માટે ટેકસમાં છૂટ

ભારતમાં **IT Act**ના Section **43CA** અંતર્ગત હાલ **Real Estate Income Tax** માટે **Circle Rate** અને **Agreement Value** વચ્ચેનો તફાવત **10 ટકા** છે.

- આ તફાવત વધારીને હવે **20 ટકા** કરવામાં આવ્યો છે.
- આ યોજના **30 જૂન 2021** સુધી અમલમાં રહેશે.
- **રૂ. 2 કરોડ સુધીના** રહેણાક મકાનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ નિર્ણય કર્યો છે.
- સરકારના આ નિર્ણયથી બિલ્ડરો અને મકાન ખરીદનારાઓને લાભ થશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (7) Infra Debt Financing માટે પ્લેટફોર્મ

ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓમાં ઋણ વધારવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

- આ અંતર્ગત સરકાર National Investment and Infrastructure Fund (NIIF) નામના Debt Platformમાં ecuity તરીકે રૂ. 6,000 કરોડનું રોકાણ કરશે.
- સરકારના આ નિર્ણયથી NIIFને વર્ષ 2025 સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં રૂ. 1.1 લાખ કરોડનું ઋણ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.

## (8) ખેડૂતો માટે Fertilizers સબસિડી

આગામી પાકની સિઝનમાં ખેડૂતોને સમયસર અને રાહતદરે ખાતર મળી રહે તે માટે સરકારે આ નિર્ણય કર્યો છે.

- આ અંતર્ગત કૃષિક્ષેત્રે ખાતર (Fertilizers) સબસિડી માટે સરકારે રૂ. 65,000 કરોડની જોગવાઈ કરી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (9) ગ્રામીણ રોજગારને પ્રોત્સાહન

ભારતમાં ગ્રામીણ ક્ષેત્રે નવી રોજગારીના સર્જનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે રૂ. 10,000 કરોડનો વધારાનો ખર્ચ કરવાની જાહેરાત કરી છે.

- સરકારના આ નિર્ણયથી ભારતમાં ગ્રામીણ અર્થવ્યવસ્થાને વેગ મળશે.

## (10) Project Exportsને પ્રોત્સાહન

ભારતમાં Indian Development and Economic Assistance Scheme (IDEAS Scheme) અંતર્ગત Project Exports (પ્રોજેક્ટ નિકાસ)ને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે EXIM Bankને રૂ. 3000 કરોડ ફાળવ્યા છે.

- સરકારના આ નિર્ણયથી એકિઝમ બેંકને લાઈન ઓફ ક્રેડિટને સુવિધાજનક બનાવવામાં મદદ થશે.
- આ ઉપરાંત ભારતમાંથી નિકાસ વધારવામાં મદદ થશે.

## (11) Capital અને Industrial પ્રોત્સાહન

ભારતમાં **મૂડીલક્ષી (Capital) અને ઔદ્યોગિક (Industrial)** ખર્ચ માટે સરકારે વધારાના **રૂ. 10,200 કરોડ**ના બજેટની જાહેરાત કરી છે.

- ભારતમાં **સ્થાનિક સ્તરે સંરક્ષણ ઉપકરણના ઉત્પાદન માટે, ઔદ્યોગિક માળખાગત સુવિધાના સર્જન માટે તેમજ પર્યાવરણને અનુકૂળ ઊર્જાના ઉત્પાદન માટે** આ વધારાના **રૂ. 10,200 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

## (12) COVID-19 રસીના સંશોધન માટે પ્રોત્સાહન

ભારતમાં **COVID-19ની નવી રસી**ના **સંશોધન** માટે અને એના **વિકાસ** માટે કેન્દ્ર સરકારના **બાયોટેક્નોલોજી વિભાગ (Department of Biotechnology)**ને **રૂ. 900 કરોડ** આપવાની જાહેરાત કરવામાં આવી છે.

**નોંધ :** કેન્દ્ર સરકારના આ ત્રીજા રાહત પેકેજ 'આત્મનિર્ભર ભારત 3'થી ભારતીય અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવીને વેગવંતુ બનાવવામાં મદદ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. 'વિશ્વ ટીવી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 નવેમ્બર (B) 21 નવેમ્બર (C) 22 નવેમ્બર (D) 23 નવેમ્બર **(B)**

2. 'વિશ્વ મત્સ્યપાલન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 નવેમ્બર (B) 21 નવેમ્બર (C) 22 નવેમ્બર (D) 23 નવેમ્બર **(B)**

3. નવેમ્બર 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટલા રૂપિયાના ત્રીજા રાહત પેકેજ 'આત્મનિર્ભર ભારત 3.0'ની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) 1.65 લાખ કરોડ (B) 2.65 લાખ કરોડ
   (C) 3.65 લાખ કરોડ (D) 12.65 લાખ કરોડ **(B)**

4. નવેમ્બર 2020 સુધીમાં ભારતમાં COVID-19 મહામારીનો સામનો કરવા માટે કેન્દ્ર સરકાર અને RBI દ્વારા કુલ કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) 19.87 લાખ કરોડ અથવા 20 લાખ કરોડ
   (B) 29.87 લાખ કરોડ અથવા 30 લાખ કરોડ
   (C) 39.87 લાખ કરોડ અથવા 40 લાખ કરોડ
   (D) 49.87 લાખ કરોડ અથવા 50 લાખ કરોડ **(B)**

5. નવેમ્બર 2020 સુધીમાં ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ 29.87 લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે...આ રકમ ભારતના કુલ GDPનો કેટલા ટકા હિસ્સો ધરાવે છે ?
   (A) 10 ટકા (B) 12 ટકા (C) 15 ટકા (D) 20 ટકા **(C)**

6. 'આત્મનિર્ભર ભારત 3' અંતર્ગત કેન્દ્ર સરકારે કુલ કેટલી પ્રોત્સાહક જાહેરાતો કરી છે ?
   (A) 8 (B) 10 (C) 12 (D) 14 **(C)**

7. 'આત્મનિર્ભર ભારત 3' રાહત પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકારે કઈ નવી રોજગાર યોજનાની જાહેરાત કરી છે ?
   (A) પ્રધાનમંત્રી રોજગાર યોજના
   (B) પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રોજગાર યોજના
   (C) પ્રધાનમંત્રી ગ્રામીણ રોજગાર યોજના
   (D) આત્મનિર્ભર ભારત રોજગાર યોજના **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. 'આત્મનિર્ભર ભારત રોજગાર યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. મહત્તમ 1000 કર્મચારીઓને રોજગાર આપતી EPFO રજિસ્ટર્ડ કંપનીને નવા કર્મચારીને નોકરી પર રાખવા માટે 24 ટકા સબસિડી મળશે.
   2. 1000 થી વધુ કર્મચારીઓને રોજગાર આપતી EPFO રજિસ્ટર્ડ કંપનીને નવા કર્મચારીને નોકરી પર રાખવા માટે 12 ટકા સબસિડી મળશે.
   3. આ યોજના અંતર્ગત 2 વર્ષ સુધી સબસિડી મળશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

9. 'આત્મનિર્ભર ભારત 3' રાહત પેકેજ અંતર્ગત ભારતમાં 'ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ' (ECLGS)ની મુદત વધારીને કયાં સુધી કરવામાં આવી છે ?
   (A) 31 જાન્યુઆરી, 2021 (B) 31 માર્ચ, 2021
   (C) 31 ડિસેમ્બર, 2021 (D) 31 જાન્યુઆરી, 2022 **(B)**

10. 'ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ 2.0'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
    1. હેલ્થકેર સેકટર અને નાણાકીય ખેંચ અનુભવતા 26 ક્ષેત્રોને આ યોજનાનો લાભ મળશે.
    2. આ યોજના અંતર્ગત કંપનીને બાકી લોનની 20 ટકા રકમ વધારાની લોન તરીકે મળશે.
    3. આ વધારાની લોન 10 વર્ષમાં પરત કરવાની રહેશે.

Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(D)**

11. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત Production Linked Incentive-PLI (ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન) યોજના અંતર્ગત ભારતમાં કેટલા નવા મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
    (A) 8 (B) 10 (C) 12 (D) 20 **(B)**

12. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર 'ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન' યોજના અંતર્ગત મુખ્ય 10 ક્ષેત્રોને આગામી 5 વર્ષમાં કેટલા રૂપિયાની પ્રોત્સાહન સહાય આપવામાં આવશે ?
    (A) 46,000 કરોડ (B) 1.46 લાખ કરોડ
    (C) 2.46 લાખ કરોડ (D) 3.46 લાખ કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં 'પીએમ આવાસ યોજના–અર્બન' અંતર્ગત વધારાના કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે ?
(A) 8,000 કરોડ (B) 18,000 કરોડ
(C) 28,000 કરોડ (D) 38,000 કરોડ **(B)**

14. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં સરકારી કોન્ટ્રાક્ટર્સ પાસેથી વસૂલવામાં આવતી પર્ફોર્મન્સ સિક્યુરિટી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવી છે ?
(A) 3 ટકા (B) 6 ટકા (C) 7 ટકા (D) 10 ટકા **(A)**

15. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કેન્દ્ર સરકાર કયા ડેબ્ટ પ્લેટફોર્મમાં ઈક્વિટી તરીકે રૂ. 6000 કરોડનું રોકાણ કરશે ?
(A) National Investment and Infrastructure Fund (NIIF)
(B) National Insurance and Infrastructure Fund (NIIF)
(C) National Income and Infrastructure Fund (NIIF)
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે ભારતમાં કૃષિ ક્ષેત્રે ખાતર સબસિડી માટે કેટલા રૂપિયાની જોગવાઈની જાહેરાત કરી છે ?
(A) 35,000 કરોડ (B) 45,000 કરોડ
(C) 65,000 કરોડ (D) 85,000 કરોડ **(C)**

17. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત ભારતમાં ગ્રામીણ ક્ષેત્રે નવી રોજગારીના સર્જન માટે વધારાના કેટલા રૂપિયાનો ખર્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 10,000 કરોડ (B) 20,000 કરોડ
(C) 30,000 કરોડ (D) 40,000 કરોડ **(A)**

18. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં 'પ્રોજેક્ટ નિકાસ'ને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે કઈ બેન્કને રૂ. 3000 કરોડ ફાળવ્યા છે ?
(A) RBI (B) SBI (C) NABARD (D) EXIM **(D)**

19. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કયા હેતુ માટે કેન્દ્ર સરકારે મૂડીલક્ષી અને ઔદ્યોગિક ખર્ચ માટે વધારાના રૂ. 10,200 કરોડના બજેટની જોગવાઈ કરી છે ?
(A) સ્થાનિક સ્તરે સંરક્ષણ ઉપકરણના ઉત્પાદન માટે
(B) ઔદ્યોગિક માળખાગત સુવિધાના સર્જન માટે
(C) પર્યાવરણને અનુકૂળ ઊર્જાના ઉત્પાદન માટે
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

20. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત ભારતમાં COVID-19ની નવી રસીના સંશોધન અને વિકાસ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) 500 કરોડ (B) 700 કરોડ (C) 900 કરોડ (D) 1200 કરોડ **(C)**

21. 'આત્મનિર્ભર ભારત 3.0' પેકેજ અંતર્ગત ભારતમાં COVID-19ની નવી રસીના સંશોધન અને વિકાસ માટે કેન્દ્ર સરકારના કયા વિભાગને રૂ. 900 કરોડ આપવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) નાણા વિભાગ (B) મેડિકલ વિભાગ
(C) ટેકનોલોજી વિભાગ (D) બાયોટેકનોલોજી વિભાગ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં કચ્છના ધોરડો ખાતે ભારતના પ્રથમ 'સરહદી વિસ્તાર વિકાસોત્સવ-2020' કાર્યક્રમનો શ્રી અમિત શાહ દ્વારા શુભારંભ

12 નવેમ્બર 2020ના રોજ ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાતમાં કચ્છ જિલ્લાના ધોરડો ખાતે 'સરહદી વિસ્તાર વિકાસોત્સવ 2020' નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. અને તેમણે આ કાર્યક્રમ અંતર્ગત ધોરડો ખાતે 'ડિજિટલ એક્ઝિબિશન'નું પણ ઉદ્દઘાટન કર્યું હતું. ભારતમાં સરહદી ક્ષેત્રોના વિકાસ માટે સૌપ્રથમ વખત ગુજરાતમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું. હવે પછી ભારતના અન્ય સરહદી ક્ષેત્રોમાં પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ગુજરાતના સુરતમાં ભારતનો પ્રથમ કેનાલ કોરિડોર ડેવલપ કરાયો

ગુજરાતના સુરતમાં આશરે રૂ. 52 કરોડના ખર્ચે 03 કિમીની લંબાઈનો કેનાલ કોરિડોર ડેવલપ કરવામાં આવ્યો છે. ગુજરાતના સુરત ખાતે નિર્માણ પામેલો આ કોરિડોર ભારતનો પ્રથમ કેનાલ કોરિડોર છે. આ કોરિડોરમાં બાળકોથી લઈને વૃદ્ધો એમ તમામને માટે ઉપયોગી થાય એવા પ્લે એરિયા, વોક વે, સીટિંગ એરિયા, ફૂડ કિયોસ્ક, લોન, પાર્કિંગ વગેરેની સુવિધા વિકસાવવામાં આવી છે.

### ➤ ગુજરાતના સુરતમાં ભારતના સૌથી લાંબા BRTS કોરિડોરનું નિર્માણ

ગુજરાતના સુરતમાં 108 કિમી લાંબા BRTS કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાતના સુરત ખાતે નિર્માણ પામેલો આ કોરિડોર ભારતનો સૌથી લાંબો BRTS કોરિડોર છે.

# ભારત

## ➤ વિપ્રોના શ્રી અઝિમ પ્રેમજી ભારતના દાનવીર ઉદ્યોગપતિઓમાં પ્રથમ

હાઉન ઈન્ડિયા અને એલ્ડગિવ દ્વારા તાજેતરમાં ભારતમાં સૌથી વધુ ડોનેશન આપનાર ઉદ્યોગપતિઓની એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદીમાં વિપ્રોના ચેરમેન શ્રી અઝિમ પ્રેમજી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે આ યાદીમાં ગુજરાતના ઉદ્યોગપતિઓમાં શ્રી ગૌતમ અદાણી પ્રથમ ક્રમે છે.

## ➤ માલાબાર અભ્યાસ 2020

તાજેતરમાં ભારતમાં માલાબાર અભ્યાસ 2020નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ બે તબક્કામાં યોજાયો હતો. તેના પ્રથમ ચરણનું 3 થી 6 નવેમ્બર 2020 દરમિયાન ભારતમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના દરિયા કિનારે બંગાળની ખાડીમાં આયોજન થયું હતું. જ્યારે આ અભ્યાસના બીજા ચરણનું આયોજન 17થી 20 નવેમ્બર 2020 દરમિયાન અરબ સાગરમાં થયું હતું. આ અભ્યાસમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાની નૌસેનાઓ–ઈન્ડિયન નેવી (IN), યુનાઈટેડ સ્ટેટ્સ નેવી (USN), જાપાન મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JMSDF) અને રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (RAN)એ ભાગ લીધો હતો. વર્ષ 2020માં યોજાયેલો આ માલાબાર નૌસેના અભ્યાસ 24મો માલાબાર અભ્યાસ હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

## ➤ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામાની આત્મકથા ‘A Promised Land’ લોન્ચ

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામાની આત્મકથા 'A Promised Land'નું તાજેતરમાં વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં શ્રી બરાક ઓબામાએ તેમના રાષ્ટ્રપતિ પદ દરમિયાનના 8 વર્ષના અનુભવોનું સુંદર વર્ણન કર્યું છે. આ બુક પબ્લિશ થયાના માત્ર 24 કલાકમાં જ તેની 8.90 લાખ કોપી વેચાઈ ગઈ હતી.

## ➤ ‘વામકો’ નામના વાવાઝોડાથી ફિલિપાઈન્સમાં 53 લોકોના મોત

નવેમ્બર 2020 દરમિયાન ફિલિપાઈન્સમાં ત્રાટકેલા ‘વામકો’ નામના અત્યંત શકિતશાળી વાવાઝોડાને કારણે 50થી વધુ લોકોના મોત થયા છે. ફિલિપાઈન્સમાં ત્રાટકેલું આ વાવાઝોડું ચાલુ વર્ષનું વિશ્વનું સૌથી શકિતશાળી વાવાઝોડું હોવાનું કહેવાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

- ગુજરાતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલા ભારતના પ્રથમ 'સરહદી વિસ્તાર વિકાસોત્સવ કાર્યક્રમ 2020'નો શુભારંભ કરાવ્યો હતો ? – ધોરડો, કચ્છ(ગુજરાત)
- ગુજરાતમાં કચ્છના ધોરડો ખાતે યોજાયેલા ભારતના પ્રથમ 'સરહદી વિસ્તાર વિકાસોત્સવ 2020' કાર્યક્રમનો કોણે શુભારંભ કરાવ્યો હતો ? – શ્રી અમિત શાહ
- ભારતમાં કયા શહેરમાં ભારતના પ્રથમ કેનાલ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે ? – સુરત (ગુજરાત)
- ભારતમાં કયા શહેરમાં ભારતના સૌથી લાંબા BRTS કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે ? – સુરત (ગુજરાત)
- ગુજરાતના સુરતમાં ભારતના સૌથી લાંબા BRTS કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.... આ કોરિડોરની લંબાઈ કેટલી છે ? – 108 કિમી
- હારૂન ઈન્ડિયા અને એલ્ડગિવ દ્વારા પ્રસિદ્ધ થયેલી ભારતમાં સૌથી વધુ દાન આપનાર ઉદ્યોગપતિઓની યાદીમાં ભારતમાં પ્રથમ ક્રમે કયા ઉદ્યોગપતિ છે ? – શ્રી અઝિમ પ્રેમજી
- તાજેતરમાં માલાબાર અભ્યાસ 2020ના પ્રથમ ચરણનું આયોજન કયાં થયું હતું ? – વિશાખાપટ્ટનમના દરિયા કિનારે બંગાળની ખાડીમાં
- તાજેતરમાં માલાબાર અભ્યાસ 2020ના બીજા ચરણનું આયોજન કયાં થયું હતું ? – અરબ સાગર
- તાજેતરમાં કયા દેશોની નૌસેના વચ્ચે માલાબાર અભ્યાસ 2020નું આયોજન થયું હતું ? – ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા
- તાજેતરમાં કેટલામા માલાબાર અભ્યાસ 2020નું આયોજન થયું હતું ? –24મા
- તાજેતરમાં ચર્ચામાં રહેલ 'A Promised Land' કોની આત્મકથા છે ? – શ્રી બરાક ઓબામા
- નવેમ્બર 2020 દરમિયાન કયા શકિતશાળી વાવાઝોડાથી ફિલિપાઈન્સમાં 50થી વધુ લોકોના મોત થયા હતા ? – વામકો
- નવેમ્બર 2020 દરમિયાન 'વામકો' નામના વાવાઝોડાથી કયા દેશમાં 50થી વધુ લોકોના મોત થયા હતા ? – ફિલિપાઈન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. નવેમ્બર 2020 દરમિયાન કારતક સુદ એકમના રોજ ભારતમાં વિક્રમ સંવતના કેટલામા નૂતન વર્ષનો પ્રારંભ થયો છે ? – 2077

2. તાજેતરમાં ગુજરાતમાં કઈ તિથિથી વિક્રમ સંવત 2077નો પ્રારંભ થયો છે ? – કારતક સુદ એકમ

3. ભારતમાં કઈ બારસ ‘વાઘ બારસ’ (અથવા તો ‘વાક્ બારસ’ કે ‘પૌડા બારસ’) તરીકે ઓળખાય છે ? – આસો વદ બારસ

4. ભારતમાં કઈ તેરસ ‘ધનતેરસ’ તરીકે ઓળખાય છે ? – આસો વદ તેરસ

5. ભારતમાં ધનતેરસ કયા રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવાય છે ? – રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ (National Ayurveda Day)

6. વર્ષ 2020માં ભારતમાં કયા દિવસે ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ની ઉજવણી કરવામાં આવી છે ? – 13 નવેમ્બર

7. 13 નવેમ્બર 2020ના રોજ ભારતમાં કેટલામા ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ની ઉજવણી કરવામાં આવી છે ? – પાંચમા

8. ભારતમાં આરોગ્યના કયા દેવ અથવા તો ભગવાનનો જન્મદિન ધનતેરસ ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ તરીકે ઉજવાય છે ? – ભગવાન ધન્વંતરી

(ભારતમાં આરોગ્યના દેવતા ભગવાન ધન્વંતરીનો જન્મદિન ધનતેરસ ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ તરીકે ઉજવાય છે. ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2016થી થયો હતો. આ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

અંતર્ગત 13 નવેમ્બર 2020ને ધનતેરસના રોજ ભારતમાં 5મા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.)

9. ભારતમાં 'લાભ પાંચમ' તરીકે કઈ પાંચમ ઉજવાય છે ? – કારતક સુદ પાંચમ

10. ભારતમાં કઈ અગિયારસ 'દેવઉઠી એકાદશી' તરીકે ઓળખાય છે કે જેમાં તુલસીવિવાહના ધાર્મિક પ્રસંગો ઉજવાય છે ? – કારતક સુદ અગિયારસ

11. ગુજરાત વિધાનસભાની 8 બેઠકોની પેટા ચૂંટણીમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ કોણે અપાવ્યા છે ? – ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી

12. તાજેતરમાં ભારતમાં કેટલામી આર્થિક ગણતરી હાથ ધરવામાં આવી છે ? – સાતમી

(15 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સાતમી આર્થિક ગણતરીનો ગુજરાતમાં પ્રારંભ કરાવ્યો હતો. તાજેતરમાં આ અંગે નિવેદન આપતા અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે, 'ભારતની સાતમી આર્થિક ગણતરીમાં પ્રજાજનોએ આપેલી માહિતી ગુપ્ત રાખવામાં આવશે.')

13. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિક્રમ સંવત 2077નો પ્રારંભ કયા મંદિરના દર્શનથી કર્યો હતો ? – પંચદેવ મંદિર ગાંધીનગર અને ભદ્રકાળી મંદિર અમદાવાદ

(મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પરંપરાગત રીતે પ્રતિ વર્ષ નૂતન વર્ષ દિનનો પ્રારંભ પંચદેવ મંદિર અને ભદ્રકાળી માતાના દર્શન પૂજનથી કરે છે.)

14. નવેમ્બર 2020 દરમિયાન ગુજરાત સરકારે બિન અનામત વર્ગમાં વધુ કેટલી જ્ઞાતિઓનો સમાવેશ કર્યો છે ? – 32

15. NGTએ અમદાવાદની સાહિલ કેમિકલ ફેક્ટરીના માલિકને કેટલા રૂપિયાનો દંડ ફટકાર્યો છે ? – 5 કરોડ

(અમદાવાદની સાહિલ ફેક્ટરીમાં આગ લાગતાં 12 લોકોનાં મોત થયા હતા. આથી નિયમોના ભંગ બદલ NGTએ રૂ. 5 કરોડનો દંડ ફટકાર્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે યોજાયેલી એક હરાજીમાં 'સ્પિરિટ ઓફ ધ રોઝ' નામનો ગુલાબી રંગનો દુર્લભ હીરો અત્યાર સુધીમાં સૌથી વધુ રૂપિયા 201 કરોડની કિંમતે વેચાયો છે...આ હીરો કયા દેશની ખાણમાંથી મળી આવ્યો છે ? – રશિયા

17. કયા દેશના વૈજ્ઞાનિકોએ ફ્રીઝ વગર પણ વેકસીનનો સંગ્રહ કરી શકાય એવી પદ્ધતિ વિકસાવી છે ? – અમેરિકા

18. મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારી દ્વારા તાજેતરમાં ભારતના કયા અભિનેત્રીને 'ભારત રત્ન ડૉ. આંબેડકર પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી ઋચા ચઢ્ઢા

19. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ સેનાના જવાનો સાથે દિવાળીના પર્વની ઉજવણી કરી હતી ? – લોંગેવાલા પોસ્ટ, જેસલમેર (રાજસ્થાન)

20. તાજેતરમાં કયા દેશમાં મુસાફરો સાથે આધુનિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ હાઈપરલૂપનો પ્રથમ પ્રયોગ કરવામાં આવ્યો હતો ? – અમેરિકા

(અમેરિકામાં વર્જિન ગ્લેકટિક્ની કંપની વર્જિન હાઈપરલૂપ વન દ્વારા આ પ્રયોગ કરવામાં આવ્યો હતો.)

21. તાજેતરમાં કયા દેશના સૈનિકોએ અલકાયદાના નંબર 2 આતંકવાદી અબૂ મોહમ્મદ ઉર્ફે અબ્દુલ્લા મહમદ અબ્દુલ્લાને ઈરાનમાં ઘુસીને ઠાર માર્યો છે ? – ઈઝરાયેલ

22. વિશ્વના કયા શહેરમાં 820 ફૂટની ઊંચાઈના વિશ્વના સૌથી મોટા ચકડોળનું નિર્માણ કરવામાં આવ્યું છે ? – દુબઈ (UAE)

23. ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં યોજાયેલી ચૂંટણીમાં સત્તાધારી સુશ્રી આંગ સાન સુ કીની પાર્ટીનો વિજય થયો છે...તેમના પક્ષનું નામ શું છે ? – નેશનલ લીગ ફોર ડેમોક્રસી (NLD)

24. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત નવા 164 CNG સ્ટેશન કાર્યરત કરવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ અર્પણ કર્યા હતા ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– CNG સહભાગી યોજના

25. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલી 'પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી'ના કેટલામા પદવીદાન સમારંભને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું ? – આઠમા

26. ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસના 6 ગામના અસરગ્રસ્ત 400 કુટુંબો માટે કઈ યોજના અંતર્ગત ગોરા ગામ પાસે વસવાટની સુવિધાજનક વ્યવસ્થા કરવામાં આવશે ?

– આદર્શ ગામ

27. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નવરાત્રીના તહેવાર દરમિયાન ગુજરાતમાં કયા ત્રણ દિવસના કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ સાથે સંવાદ કર્યો હતો ? – 'શકિત વંદના'

28. તાજેતરમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ગુજરાતમાં કઈ ઓનલાઈન ઈન્સ્પેકશન સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે ?

– iRIS (Integrated Revenue Inspection System)

(આ સિસ્ટમથી ગુજરાતમાં હવે તમામ મહેસૂલી પરવાનગી, હક્કપત્રની નોંધો અને મહેસૂલી કેસની તપાસ ઓનલાઈન મોડયુલમાં કરવામાં આવશે.)

29. ગુજરાતના કયા જિલ્લાના અંખોલ ગામ ખાતે રૂ. 100 કરોડના ખર્ચે નિર્માણ પામનાર સરદાર ધામ પ્રોજેકટનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો છે ? – વડોદરા

30. 12 નવેમ્બર, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની કઈ યુનિવર્સિટીના પ્રાંગણમાં શ્રી સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કર્યું છે ?

– જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU), દિલ્હી

31. 'મિશન સાગર-2' અંતર્ગત ભારતીય નૌસેનાના જહાજ 'INS એરાવતે' કયા દેશમાં રાહત સામગ્રી પહોંચાડી હતી ? – જિબૂટી (Djibouti)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT